R.N.I. No. 14593/1957

# પગદંડી
PAGDANDI

VOL.68 ISSUE NO. 01 - APRIL 2025 - 56 PAGES - RS. 15/-



Shree Kutchi Visha Oswal Seva Samaj
C.V.O.D., Jain Mahajanwadi, 3rd Floor, 99-101, Keshavji Naik Road, Chinchbunder, MUMBAI - 400 009.
Phone : 23714674 / 2377 3032 - E-mail : pagdandi@kvoss.org




WE NAVIGATE
YOUR FINANCIAL ADVENTURE
& ENSURE YOU
A SMOOTH JOURNEY OF LIFE
FROM WHERE YOU ARE
TO WHERE YOU WANT TO BE

## A COMPLETE TOUR OF THE FINANCIAL WORLD

We are truly a one stop-shop for all your
Investment & Insurance and other allied services:

- Mutual Fund Distributors
- Company FD, NCD, Bond, RBI Bond, Capital Gain Bond, Perpetual Bond
- P2P Loans
- Sovereign Gold Bond
- Will Writing and Estate and Succession Planning
- Life Insurance (Through business associates of LIC of India, HDFC Life, Birla Sun Life Insurance)

We are your Map for Financial Freedom

GADA & HARIA™
FINANCIAL SERVICES
With you, For you, Always...

Registered Office :
Gada & Haria Financial Services
5, Framroz Court, 2nd floor, Dada Saheb Phalke Road,
Dadar (CR), Mumbai-400014.
Tel: 40794141

| CA, CFP Rajesh Gada | CA Vipul Bheda | Vikas Vira |
|---|---|---|
| Village : Bada | Village : Samaghoga | Village : Nagalpur |
| 98676 23250 | 98202 22750 | 98205 20268 |
| rajesh@gadaharia.com | vipul@gadaharia.com | vikas@gadaharia.com |

સમાજના સર્વાંગી વિકાસ માટે સતત કાર્યરત

# શ્રી કચ્છી વિશા ઓસવાળ સેવા સમાજ

શ્રી ક.વિ.ઓ.દેરાવાસી જૈન મહાજનવાડી, ત્રીજે માળે, ૯૯-૧૦૧, કેશવજી નાયક રોડ ચીંચબંદર, મુંબઈ - ૪૦૦૦૦૯

૨૩૭૧૪૬૭૪, ૨૩૭૭૩૦૩૨, ૨૩૭૧૫૦૫૦, ૨૩૭૧૫૧૫૧, ૪૦૧૬૪૩૪૩ / + Email : ksevasamaj@gmail.com + Webssite : www.kvoss.org

## શ્રી ક.વિ.ઓ. સેવા સમાજનું માસિક મુખપત્ર

### પગદંડી

- છેલ્લા સાત દાયકાથી ક.વિ.ઓ.સમાજને નવા વિચારબીજ આપનાર
- ક.વિ.ઓ. સમાજની સાંસ્કૃતિક ધરોહરને જાળવવા સદા પ્રયત્નશીલ
- ક.વિ.ઓ. સમાજની જાગૃતિના પ્રતિક સમાન

હવે પગદંડીનું લવાજમ ભરવું એકદમ સરળ. નીચે આપેલ કયુઆર કોડને સ્કેન કરો અથવા લિન્ક પર કિલક કરી આપની વિગત ભરો.

cutt.ly/pagdandi

**પગદંડીનું દસ વર્ષનું લવાજમ માત્ર રૂા.૧૦૦૦/-**

પંચવાર્ષિક લવાજમ રૂા.૬૦૦/-

પગદંડી કાર્યાલય ખાતે સેવા સમાજનાં સરનામે સ્વીકારાશે.

---

આપનું એડ્રેસ બદલાયું તો આપના પગદંડી મેમ્બરશીપ નંબર સાથે જૂના અને નવા એડ્રેસની વિગત pagdandi@kvoss.org પર મોકલવા વિનંતી જેથી પગદંડીના અંક, આપને વિના વિક્ષેપ મળતા રહે.

લિ. પગદંડી તંત્રીઓ /ક.વિ.ઓ.સેવા સમાજ પરિવાર

NEEL PARI - 9322299742

# પગદંડી

એપ્રિલ ૨૦૨૫


## અનુક્રમણિકા


| લેખ | લેખક | પાના નં |
|---|---|---|
| તંત્રીસ્થાનેથી | | |
| અનુદાન અને જૈનો........................................ | અશ્વિન લક્ષ્મીબેન પોપટલાલ માલદે............. | ૫ |
| પ્રમુખશ્રીની કલમે ....................................................... | ચંદ્રકાંત મણીબેન નાનજી લાલન.................. | ૧૧ |
| હવે ટ્રેન આવવી જોઈએ.............................................. | ગુલાબ પાનબાઈ રવજી દેઢિયા...................... | ૧૬ |
| ટકાઉ લગ્નજીવનનો મંત્રઃ મુંબઈની લોકલ ટ્રેનનો પ્રવાસ... | ડૉ. શિરીષ ભાનુમતિબેન ચુનીલાલ માલદે.... | ૧૯ |
| મુંબઈમાં ખેતી શરૂ કરનાર ''કચ્છી માડુ''.................. | વસંત મોંઘીબાઈ ઉમરશી મારુ ...................... | ૨૨ |
| શોર, ઘોંઘાટ, ધ્વનિ, નાદ... અને આપણે.................... | પરેશ કેસરબેન ગાંગજી શાહ (નિશબ્દ)..... | ૨૫ |
| ખતરનાક ટ્રેન્ડ.......................................................... | રાજેશ જવેરબેન નરશી સાવલા..................... | ૨૭ |
| ગૃહિણી - એક કૅરિયર ................................................ | ગીતા અમૃતબેન નાનજી સતરા...................... | ૨૯ |
| પ્રજાની શક્તિ............................................................. | ભાનુબેન નાનજી સાવલા ............................ | ૩૧ |
| ગાલિબની ટકોર.......................................................... | પ્રિતુલ જયાલક્ષ્મી કાંતિલાલ શાહ.................... | ૩૩ |
| સાહિત્ય અમૃત ........................................................... | આલેખનઃ ચંદ્રકાંત હિરબાઈ શિવજી નંદુ....... | ૩૪ |
| પ્રતિભાવ - પ્રતિસાદ .................................................. | | |
| ''ભજ પઈ'' લેખ .................................................... | લાલજી કુંવરબેન ધનજી શેઠિયા..................... | ૪૦ |
| પગદંડી માર્ચ ૨૦૨૫ અંક............................................ | મનસુખલાલ પાનબાઈ રતનશી કક્કા............. | ૪૨ |
| The Editorial - "What is in a Name"......... | હરખ પાનબાઈ ભવાનજી ગોસર .................. | ૪૨ |
| ઉર્મિલહર.................................................................. | સંપાદન : વિશન પાનબાઈ દેવરાજ નાગડા... | ૪૪ |
| સેવા સમાજ - અપડેટ................................................. | .................................................................. | ૪૭ |
| પ્રાર્થના હોલ - કવીઓ સમાજ - સને ૨૦૨૪............ | મણિલાલ લક્ષ્મીબેન પ્રેમજી દેઢિયા................. | ૪૯ |
| સાંત્વન...................................................................... | ................................................................ | ૫૨ |
| મુખપૃષ્ઠ ચિત્ર અને માહિતી......................................... | સંજય ચંદનબેન વિસનજી છેડા .................... | ૧૪ |


**પગદંડી કાર્યાલાય ફોન - ૨૩૭૧ ૪૬૭૪ ટેલી ફેક્સ - ૨૩૭૭ ૩૦૩૨**

ટાઈપસેટીંગ : **ધીરેન તારાબેન મુરજી ગાલા** (કોટડા(રોહા) - ફોર્ટ) મોબાઈલ : ૯૮ ૩૩ ૫૪ ૧૦ ૪૦

Printed and Published by **Aswin Popatlal Malde** on behalf of **K.V.O. Seva Samaj.** Printed at **Meghart Colour Crafters**, 42, Ideal Indl. Estate Mathuradas Mill Compound, Senapati Bapat Marg, Lower Parel, Mumbai-400013. and published from Shri Kutchhi Visa Oswal Seva Samaj, C.V.O.D. Jain Mahajanwadi, 3rd Floor, 99/101, Keshavji Naik Road, Chinch Bunder, Mumbai -400009. Editor : **Aswin Popatlal Malde**


Gala Caterers®
FINEST IN FOOD INDUSTRY
SINCE 1977
Timeless Taste,
Purely Authentic!
Vegetarian Food
SINCE1 977
Galacaterers
www.galacaterers.com
RAJESH GALA | 98200 32010 /50 . ATUL GALA | 93 2222 1205
CHIRAG GALA | 97 0202 9280 . ROHIT GALA | 98200 99251

# તંત્રીસ્થાનેથી



# અનુદાન અને જૈનો

આપણે ધર્મે જૈન અને આમ ખમીરવંતા કચ્છી.

જૈનોમાં દાનની વૃત્તિ જન્મજાત વણાયેલી હોય છે.

જૈનોમાં આ દાનની વૃત્તિ કેળવવામાં આપણા ધર્મગુરુઓનો બોધ અને પ્રેરણા સવિશેષ છે.

કોઈ પણ પ્રવૃત્તિ માટે ભારતભરમાં, કે કદાચ વિશ્વભરમાં સંખ્યાના પ્રમાણમાં જૈનોનું દાન ઘણું વધારે હોઈ શકે છે.

ભામાશાઓ, જગડુશાઓ જૈનોમાં પહેલા પણ હતા અને હાલમાં પણ છે.

આ દાન શા માટે ?

દાનનું મહત્ત્વ પુરાણોમાં, લગભગ બધાં જ પુરાણોમાં છે.

સામાન્ય રીતે દાન એટલે આપણી પાસે જે છે એના દ્વારા અન્યને સુખ, શાતા, સહાયતા, સગવડ આપવાનો નાનો પ્રયાસ. જે આપણી કક્ષા પર નથી એમને ઊંચે ઉઠાવવા લંબાતો આપણો હાથ.

સમગ્ર વિશ્વમાં ફેલાયેલ અસમાનતાને સમતલ કરવાની એક નાની કોશિશ.

જો સારી રીતે સંપત્તિ વાપરી શકો તો માલિક બનીને રહેશો અને નહીં તો ચોકીદાર પણ નહીં.

મોટા ભાગનાં ધર્મશાસ્ત્રોમાં સમજાવાયેલ છે. ધન, સંપત્તિ, દ્રવ્ય અને આવી આપી શકાય એવી દરેક વસ્તુના આપણે ફક્ત ટ્રસ્ટી છીએ. ટ્રસ્ટીશિપના સિદ્ધાંતની વાત મહાત્મા ગાંધીજીએ પણ વારંવાર કરી છે.

ગીતામાં જણાવ્યા પ્રમાણે દાન ત્રણ પ્રકારનાં હોય છે.

સાત્ત્વિક, રાજસિક અને તામસિક.

જે દાન દેશ, કાળ અને પાત્રને ધ્યાનમાં રાખી કોઈ અપેક્ષા વિના આપવામાં આવે તે દાન સાત્ત્વિક. પ્રભુએ જે આપ્યું છે તેને જ પાછું સર્મપણ કરવાની ભાવના સાથે કરેલ દાન એ સાત્ત્વિક દાન.

જે દાન ફળની આશા સાથે અપાય તો તે દાન રાજસિક દાન. આ દાન મધ્યમ શ્રેણીનું, ગમે તે રૂપે કંઈક સારું તો થાય છે.

જે દાન તુચ્છકારના ભાવથી, કંઈક પામવાની ભાવના સાથે અપાય તે તામસિક દાન.

આ થઈ શાસ્ત્રોની વાતો.

પરંતુ હકીકતમાં શું ચાલી રહ્યું છે.

ગુપ્તદાન તો હવે વિસરાઈ ગયું છે.

''એક સદ્‌ગૃહસ્થ તરફથી'' હવે ભાગ્યે જ જોવા મળે છે.

દાન જમા કરવા માટે નામ આપવા કેટકેટલી યોજનાઓ ઘડવામાં આવે છે.

તકતીઓ અને સન્માન એ દાનના પર્યાય બની ગયાં છે.

શાસ્ત્રોમાં કહેવાયું છે, કે દાન એવી રીતે આપો કે જમણા હાથથી આપો તો ડાબા હાથને પણ ખબર ન પડે.

એક જમાનામાં કહેવાતું, ''નૈકી કર ઔર દરિયામેં ડાલ''.

અને હવે, ''કુછ ભી કર ખબરપત્રિકા મેં ડાલ''.

નામ, તક્તીઓ અને વાહવાહીની ઘેલછા આપણા દાનની પ્રવૃત્તિ પર હાવી બની ગયાં છે.

૨૫-૨૫ લાખના અનુદાન જાહેર કરનારાને પણ સન્માન માટે લાઈનમાં ઊભા રહેતા જોયેલા છે.

આમ તો આપણો સમાજ પ્રગતિશીલ છે અને દરેક બાબતમાં દાન આપે છે.

પછી તે શૈક્ષણિક હોય, વૈદ્યકીય હોય, સામાજિક હોય, ધાર્મિક હોય કે મૂંગા પશુ માટે,

જીવદયા માટે હોય, પરંતુ આપણો ઝોક ધાર્મિક અને જીવદયા તરફ વધારે છે.

ધાર્મિકમાં

જિનાલયો અને ધર્મસ્થાનકો માટે,

યાત્રાસ્થળોએ ધર્મશાળાઓ માટે,

વિવિધ ધાર્મિક અનુષ્ઠાનો માટે, જાજરમાન અનુષ્ઠાનો માટે,

યાત્રાઓ કરાવવા માટે,

કાળ ધર્મ પામનાર ધર્મગુરૂઓની અંતિમવિધિ માટે,

વિવિધ બોલીઓમાં

નૂતન જિનાલયોના પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવો માટે

જીવદયામાં

પાંજરાપોળો માટે,

પાંગળાં પશુ માટે,

પશુ સારવાર કેન્દ્રો માટે,

કૂતરાને રોટલો અને પક્ષીઓને ચણ માટે,

હજુ આપણામાં કાગડાઓ માટે ગાંઠિયા અને

કીડીઓ માટે કીડીઆરૂ એટલા પ્રચલિત નથી.

કતલખાને જતાં પશુઓને છોડાવવા માટે

બધાં જ અનુદાન યોગ્ય છે અને જરૂરી છે.

પ્રમાણમાપ દરેક બાબતમાં પોતે નક્કી કરવાનું હોય છે.

આપણા જૈનો પર ધર્મગુરુઓનો પ્રભાવ ખૂબ જ ગહન છે. ઘણાં દાનો એમની પ્રેરણાથી થતાં હોય છે.

ધર્મગુરુઓ પાસે જ્ઞાનનો અખૂટ ખજાનો હોય એ સ્વાભાવિક છે.

જેમની પાસે વિવિધ લબ્ધિઓ છે એમની પ્રસિદ્ધિ ચારે કોર છે.

જેના પર હાથ રાખી દે તો તેનો બેડો પાર

અને પછી એ જ્યાં કહે, જેટલું કહે એટલું અનુદાન.

પાપ-પુણ્ય, મોક્ષની વાતો દરેક ધર્મમાં છે.

મોક્ષ પામવા માટે ધર્મમય બનવાની વાત પણ દરેક ધર્મમાં છે.

આ ભવ-પરભવની વાતો પણ દરેક ધર્મમાં છે.

કર્મ (એટલે કુકર્મ)નાં ફળ ભોગવાની વાત પણ દરેક ધર્મમાં છે.

એટલે સમાજનો અદનો વ્યક્તિ પણ ધર્મભીરુ બની ધર્મગુરુઓની પ્રેરણા પ્રમાણે દાન કરવા પ્રેરાય છે. કદાચ જીવદયા અને ધાર્મિક બાબતો માટે વધારે અને ક્યારેક તો ગજા બહારના અનુદાન પણ કરી દે છે. ઘરના છોકરા ઘંટી ચાટે...

દાનેશ્વરીની સર્વત્ર બોલબાલા છે.

શું ધન ઉપાર્જિત કરવાના પર્યાયો પણ વિચાર પાત્ર નથી.

પારસીઓએ મુંબઈમાં અને અન્યત્ર પોતાની સખાવતો દ્વારા ઘણાં સંસ્થાન ઊભા કર્યાં છે.

ખ્રિસ્તીઓએ પણ ધર્મના માધ્યમથી ઘણી બધી શાળાઓ-કૉલેજો બનાવી છે.

બધા સર્વેના ઉપયોગ માટે

જૈનો પણ આવુ કરવા શક્તિમાન છે, કરશે જ, પરંતુ આપણી પ્રાથમિકતાનું નિશાન બદલવાની જરૂર છે.

આપણામાં પણ દાનનો ઝોક બદલવા પ્રયાસ થઈ રહ્યા છે.

જૈન યુથ ફોરમ દ્વારા કચ્છમાં જઈ સ્થિર વસવાટ માટે વિવિધ સગવડો ઉપલબ્ધ કરાવી આપવાની.

મુંબઈમાં શાળા અને કૉલેજની સગવડો દૂરનાં પરાંમાં કરી આપવા માટે પ્રયત્નો ચાલુ છે,

રહેઠાણની સગવડ કરી આપવા માટે સઘન પ્રયાસો ચાલુ છે.

ભોજનની સગવડ માટે, માસિક અનાજની કીટ, ટિફિન સગવડો વગેરે,

કચ્છમાં ગામેગામ અતિથિગૃહો.

એકથી વધારે બાળક હોય એવા કુટુંબને સંપૂર્ણ સમાજના ધોરણે અનુદાન નહીં, પરંતુ પારિતોષિકરૂપે એક મોટી રકમ ફાળવવાનું આયોજન પણ છે. ભાવના સારી છે, પરંતુ એક બાળકનો ઉછેરખર્ચ, ભણતરખર્ચ કેટલો આવે એ વિચારવું પણ ખરું.

ક્યાંક ગ્રેજ્યુએશન સુધીના અભ્યાસક્રમ માટે બધાને ફી ઉપલબ્ધ કરાવવાનું પણ આયોજન સંભળાય છે.

આપણી જ્ઞાતિ ખમીરવંતી જ્ઞાતિ ગણાતી હતી. હાથ લાંબો કરવામાં અચકાતી એવી જ્ઞાતિ ગણાતી હતી.

૨૦૦૧ના ભૂકંપ અને નોટબંધી પછી આ માનસિકતામાં બદલાવ આવ્યો છે.

તવગંર અને મધ્યમવર્ગની ખાઈ વધતી જાય છે, પરંતુ ક્યાંક દાનનો અતિરેક માણસને એના પર અવલંબિત ન બનાવી દે એ જોવાનું રહ્યું.

પુરુષાર્થ અને ઝઝૂમવાની શક્તિ બુઠ્ઠી ન બની જાય એ જોવાનું રહ્યું.

સહાય લઈને નિર્વાહ કરનારો વર્ગ સમયાંતરે ઘટતો જાય એ જોવાનું રહ્યું.

શું કોઈ સંસ્થામાં નામની અને તક્તીની લહાયમાં અનુદાન જાહેર કરતાં પહેલાં રોજબરોજના જીવનમાં આપણી આસપાસના હેતુસંતોષી અથવા સગાસંબંધી જે કોઈ ખેંચમાં હોય એમના સ્વમાનને ઠેસ પહોંચાડ્યા વગર મદદરૂપ ન થઈ શકીએ ?

**- અશ્વિન લક્ષ્મીબેન પોપટલાલ માલદે (ભુજપુર)**

AMBIKA

# અંબીકા બેગ હાઉસ

: ઉત્પાદક અને વિક્રેતા :

**સર્વ પ્રકારની લેડીઝ બેગ્સ, સ્કૂલ બેગ્સ,**
**મની પર્સીસ અને કોમ્પલીમેન્ટરી આઈટમસ**

**૩૨૧, અબ્દુલ રહેમાન સ્ટ્રીટ, કોફર્ડ માર્કેટ પાસે, મુંબઈ–૪૦૦૦૦૩.**
**ફોન : ઓફિસ : ૨૩૪૩ ૫૪૨૬, ૨૩૪૩ ૮૪૬૪ • ફેક્સ : ૫૬૩૫ ૯૦૪૪**

# લકી બેગ હાઉસ

**૯૫, મારલેન રોડ, BST ક્વાટર્સ સામે, મુંબઈ - ૪૦૦ ૦૦૮.**
**ટેલિફોન : ૨૩૦૨ ૧૯૪૨, ૨૩૦૨ ૧૯૪૪**
**www.luckybaghouse.com**

# પ્રમુખશ્રીની કલમે



ડૉ. ચંદ્રકાંત મણિબેન નાનજી લાલન

## વિચારકણિકા

### સાયબર સુરક્ષા

આજે આપણે સૌ ડિજિટલ યુગમાં જીવી રહ્યા છીએ. સવારના શુભ સવાર (Good Morning)થી રાતના શુભ રાત્રિના (Good Night) મૅસેજ વચ્ચે જીવાતી જિંદગીમાં ડગલે ને પગલે ઈન્ટરનેટનો ઉપયોગ કરતા થઈ ગયા છીએ. દિવસ દરમિયાન સામાજિક, વ્યાપારિક, નાણાકીય અને અંગત ઉપયોગ માટે ઈન્ટરનેટનો ઉપયોગ અનિવાર્ય બનતો જાય છે.

મોબાઈલ/કૉમ્પ્યુટરની સાથે ઈન્ટરનેટની મદદ વડે સામાન્ય નાગરિક સરળ રીતે ઘર/ઑફિસમાં બેઠાંબેઠાં નાણાકીય લેવડ-દેવડ કરતા થઈ ગયા છે. અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે આ અનિવાર્ય જરૂરિયાત છે. ગૃહિણીઓ માટે રસોઈઘરમાં એક મદદગાર સાથીની જરૂરિયાત પૂરી પાડે છે. સામાજિક સંબંધો આ ડિજિટલ માધ્યમો દ્વારા વધારે નજદીક આવતા થઈ ગયા છે. સંદેશવ્યવહારમાં ઈન્ટરનેટે કમાલ કરી દીધી છે. આખી દુનિયા તમારી મુઠ્ઠીમાં આવી ગયેલ છે. સંદેશવ્યવહારની ક્રાંતિને લીધે સમગ્ર દુનિયા એક ઘર બની ગયેલ છે. સામાજિક-રાજકીય કે રમતગમતની ખબરો પળ બે પળમાં તમારા Screen ઉપર આવી જાય છે. કુદરતી આફતોની ખબર વડે બચાવકાર્ય ખૂબ જ સરળ બની જાય છે. આપણા રોજિંદા જીવનમાં આવાં સુવિધાજનક ઉપકરણોના લીધે સમય-નાણાં અને ઊર્જાની બચત પણ સારા એવા પ્રમાણમાં થઈ શકે છે. ડિજિટલ યુગના ફાયદા તો ખૂબ જ મોટા પ્રમાણમાં છે, પણ જેમ ગુલાબના ફૂલની સાથે કાંટાઓની હાજરી હોય જ છે.

**ગેરફાયદા ઉપર આછેરી નજર:**

૧) મહત્ત્વના ડેટા અને માહિતીની ચોરી - આજકાલ સાયબર ગઠિયાઓ અલગઅલગ ટેક્નિકોનો ઉપયોગ કરી અથવા આપણને લોભામણી લાલચો આપી આપણી પાસેથી મહત્ત્વની માહિતી/બૅન્ક એકાઉન્ટનો ડેટા મેળવી લે છે.

૨) કેટલાક વાયરસયુક્ત પ્રોગામ-ઍપ્સ દ્વારા આપણા મોબાઈલ/કૉમ્પ્યુટરને નુકસાન પહોંચાડી શકે છે અને મહત્ત્વના ડેટાની ચોરી પણ કરી શકે છે.

૩) ઈન્ટરનેટ અને વિવિધ ઍપ્સ કે વૉટસઍપ ઉપર અમુક વાંધાજનક માહિતી મોકલાવી આપણાને ગેરમાર્ગે દોરવવાના પ્રયત્નો કરે છે. Friend request/લૉટરીની ટિકિટના વિજેતાઓ જેવાં પ્રલોભનો દ્વારા તમને છેતરવામાં આવે છે.

સાયબર ગુનો એટલે કોઈ પણ ગુનાહિત પ્રવૃત્તિ જેમાં મોબાઈલ/કૉમ્પ્યુટર દ્વારા ઈન્ટરનેટના માધ્યમથી કોઈ પણ પ્રકારની લાલચ/છેતરપિંડી, ધાક-ધમકી, નાણાકીય ફ્રોડ, પાસવર્ડ અથવા ડિજિટલ ડેટાની ચોરી કરવી. મોટા ભાગના સાયબર અપરાધો નાણાં મેળવવા કરવામાં આવતા હોય છે. ઘણીવખત નાણા સિવાય સંવેદશીલ ડેટાની ચોરી ડિજીટલ માધ્યમથી કરી વ્યક્તિ/સંસ્થા/કંપની/સરકારને ભયંકર નુકસાન કરવામાં આવે છે. આ વખતે પ્રોફેશનલ હેકરની મદદથી તમારી વેબસાઈટ ચોરી કરી નુકસાન પહોંચાડવામાં આવે છે. સામાન્ય માણસ ડર-લાલચ અને આળસ અને યોગ્ય જ્ઞાનના અભાવે આવા સાયબર ફ્રોડમાં ફસાતા હોય છે. એમાં પણ ૧) ઈન્સસ્ટંટ લોન ઍપ્સ, ૨) બનાવટી લિન્ક, ૩) ફેક કૉલ, ૪) ઓનલાઈન સેલિંગ) (વેચાણ) પ્લૅટફૉર્મ, ૪) સ્કીન શેરિંગ, ૫) કસ્ટમર કેર ફ્રોડ, ૬) વિવિધ સરકારી/અર્ધ-સરકારી કચેરીના નામે ડરમણા ફેક કૉલ્સ જેવી બાબતો મુખ્ય હોય છે. હવે સાયબર સુરક્ષા માટે નીચેના સૂચનો ધ્યાનમાં રાખવા જેવા છે :

૧) પીન નંબર, ઓ.ટી.પી.ના આંકડા કે કયુ-આર કોડ (QR Code) જેવી અંગત માહિતી કોઈ પણ અજાણી વ્યક્તિ કે અજાણ્યા સોશિયલ મીડિયા ઉપર આપવી નહીં.

૨) સોશિયલ મીડિયા પર અજાણી વ્યક્તિનો કૉલ કે Friend request સ્વીકારતાં પહેલાં વિચાર કરવો જરૂરી છે.

૩) કોઈ પણ કાર્ડ, સીમકાર્ડ, વેલિડિટી, KYC રિન્યૂ, બૅન્ક ખાતું ચાલુ/બંધ/એક્ટિવ માટે ફોન કે મૅસેજ ઉપર કોઈ પણ માહિતી આપવી નહીં.

૪) પાસવર્ડ સુરક્ષિત રાખો, નિયમિત સમયે બદલતા રહો.

૫) ફ્રી લોન, ફ્રી ઈન્ટરનેટ, ફ્રી ગિફ્ટની લાલચમાં સચ્ચાઈ ચકાસ્યા વગર અજાણી લિન્ક ક્લીક કરવી નહીં.

૬) ડિજિટલ એરેસ્ટ જેવા ધમકીભર્યા ફોન કોલ ઉપર કાંઈ જવાબ આપવો નહીં.

ઈન્ટરનેટ/ડિજિટલ યુગના ફાયદાઓ અગણિત છે, પણ એનો ઉપયોગ કરતાં પહેલાં થોડી સાવચેતી રાખવી જરૂરી છે. લાલચ-ડર-આળસ ક્યારેક મોંઘાં સાબિત થાય છે. આ ડિજિટલ ઉપકરણો વાપરવાં પહેલાં એને વાપરવાની સુરક્ષિત રીતનું જ્ઞાન મેળવી લેવું જરૂરી છે. અને આજના AIના જમાનામાં તમારા ડિજિટલ માધ્યમના ઉપયોગ ઉપરથી તમારા ઉપર જાસૂસી કરવામાં આવે છે અને તમારા ડેટા ક્યારેક વેચી નાખવામાં આવે છે. વર્તમાન સમયમાં રોજબરોજ ડીજીટલ એરેસ્ટના નામે માણસો પાસેથી લાખો/કરોડો રૂપિયા ખંખેરી લેવામાં આવે છે. ત્યારે આવી કોઈ ડિજિટલ એરેસ્ટના ધમકીભર્યા ફોન કૉલ્સને નજર અંદાજ કરવા હિતાવહ છે અને સરકારની હેલ્પલાઈન ૧૯૩૦નો ઉપયોગ કરી વધારાની મદદ લઈ લેવી. લોકલ પોલીસસ્ટેશનની પણ મદદ લઈ શકાય.

છેલ્લે... આવનાર દિવસોમાં ડિજિટલ માધ્યમનો ઉપયોગ વધતો જ જવાનો છે. ત્યારે આપણી થોડી સજાગતા આપણને સાયબર સુરક્ષા આપી શકે છે. પહેલું સુખ તે જાતે સજાગ.

**મો. : ૯૩૨૨૯૫૫૮૮૦**


# મુલચંદ લાલજી એન્ડ કું.

# MULCHAND LALJI & CO.

*Importers & Wholesale Dealers in:*

**One Side Coated Paper, Wet Strength Paper, Mettalized Paper, Glassine Paper, CCK Paper**

**Admn. Office** : 229/231, Perin Nariman (Bazar Gate) Street, 1st Flr., Fort, Mumbai - 400 001.

**Phone:** (+91-22) 2261 7273 • 2261 7878 • 2261 7299 • **Fax:** 2261 1207

**Email :** info@mulchandlalji.co । **Mobile :** +91 98201 27299

**Shop & Reg. Office :** 202/203, Bora Bazar Street, Near Jain Temple, Fort, Mumbai - 400 001.



# INCREDIBLE INDIA
# તારંગા

સોલંકી રાજપૂત રાજા કુમારપાળે, આચાર્ય હેમચંદ્ર મહારાજના આદેશથી વિક્રમ સંવત ૧૧૨૧માં આ તીર્થની રચના કરી હતી. એવી પણ લોકવાયકા છે, કે કુમારપાળ રાજાએ અર્ણોરાજ ઉપરની ચડાઈ વખતે ભગવાન અજિતનાથની જે માનતા માની હતી તેની પૂર્તિરૂપે આ ભવ્ય મંદિર અને એમાં ૧૦૧ ઇંચની પ્રતિમાની સ્થાપના કરી હતી.

એવું પણ કહેવાય છે, કે સદીઓ પહેલાં વેણિ વત્સરાજ નામના બૌદ્ધધર્મી રાજાએ અહીં તારદેવું મંદિર બંધાવ્યું હતું જે તારાપુર તરીકે પ્રસિદ્ધ થયું હતું. એ પછી આર્ય ખપુટાચાર્યના ઉપદેશથી એ રાજ્ય જૈનધર્મી બન્યો અને એમણે સિદ્ધાયિકાદેવીનું મંદિર બનાવ્યું.

તારંગાની સૌથી નજીકનું રેલવેસ્ટેશન એટલે વીસનગર. વીસનગરથી લગભગ ૫૦ કિલોમીટરનો પ્રવાસ કરીને તારંગા નજીક પહોંચો એટલે મંદિરના પ્રવેશદ્વાર પાસે જ વાનરોના ઝૂંડ પણ દેખાય. અમારા સારા નસીબ, કે અમને તો થોડેક દૂર એક મોર કળા કરતો પણ દેખાયો.

પ્રવેશદ્વાર પાસે પહોંચો અને એક મજેદાર ઘટના એ બને કે કોઈ પણ કંપનીનું નેટવર્ક કે સિગ્નલ નહીં. એટલે અજીતનાથ દાદાના દરબારમાં પહોંચતાં જ દુનિયાદારીથી અલિપ્ત થવાનો મોકો પણ મળે.

પ્રવેશદ્વાર ઓળંગો એટલે તરત અંદાજે ૨૩૦ ફૂટ જેટલો લાંબો અને પહોળો ચોક જોવા મળે અને એ ચોકની મધ્યમાં ૧૪૨



ફૂટ ઊંચું, ૧૫૦ ફૂટ લાંબું અને ૧૦૦ ફૂટ પહોળું ભવ્ય મંદિર, નવ સૈકા પછી પણ અડીખમ ઊભું દેખાય.

મંદિરનો રંગમંડપ અંદાજે ૧૯૦ ફૂટના ઘેરાવામાં છે અને એનો ઘૂમટ પંદર ફૂટ ઊંચા અને આઠ ફૂટ જાડા આઠ સ્તંભો ઉપર ઊભો છે. આ ઘૂમટ આમ સાદો છે, પણ એની વિશાળતા જ એનું ગૌરવ છે. પાછળથી મુકાયેલા અન્ય સોળ સ્તંભો જોઈતો સહારો આપે છે. મંદિરના ઘૂમટમાં વિદ્યાધરો અને દેવ-દેવીઓ વિવિધ વાજિંત્રો સાથે નૃત્ય કરતાં જણાય છે. નૃત્યના આ ભક્તિ પ્રકારો ભારતીય કળા અને સંસ્કારનું સ્મરણ કરાવે છે.

સમગ્ર મંદિરની રચનામાં સોલંકી કાળની છાંટ વર્તાઇ આવે છે. ભલે અન્ય તીર્થો જેવી બહુ ઝીણી કોતરણી નહીં હોવા છતાં મંદિરની ભવ્યતા ઊડીને આંખે વળગે છે. સમગ્ર મંદિર ખારા પથ્થરથી બાંધવામાં આવ્યું છે અને ઈંટ અને ચૂનાનું મિશ્રણ એવું સપ્રમાણ કરવામાં આવ્યું છે, કે આટલા સૈકાઓ પછી પણ મંદિરને આંચ નથી આવી.

આ તીર્થમાં જ આવેલાં અન્ય ત્રણ સ્થાનો તારંગાની ટૂકો તરીકે જાણીતા છે

૧. મુખ્ય મંદિરથી અડધો માઈલના અંતરે એક શિખરની ટોચ પર એક દેરીમાં શ્રી અજિતનાથ ભગવાનની ચરણપાદૂકા છે. આ સ્થાન મોક્ષબારી/પુણ્યબારી તરીકે પણ ઓળખાય છે.


૨. મંદિરના વાયવ્ય ખૂણામાં એક ટેકરી ઉપર ભગવાન સુપાર્શ્વનાથ, પાર્શ્વનાથ, અરનાથ અને નેમિનાથજીની પ્રતિમાઓ છે. આ સ્થાન સિદ્ધશિલા તરીકે જાણીતું છે

૩. મુખ્ય મંદિરથી દક્ષિણ દિશામાં અડધો માઈલ દૂર જતાં લાડુસાર નામે એક તળાવ આવે છે. ત્યાંથી કોટિશિલા તરફ જવાનો એક રસ્તો છે. કહેવાય છે કે આ સ્થાન પરથી કરોડો મુનિઓએ સાધના કરીને મોક્ષપદને પામ્યું છે અને એટલે જ આ સ્થાનને કોટિશિલા કે કોડશિલા પણ કહેવાય છે.

તો ચાલો, તારંગાગિરિ, તારઉર, તારવરનગર, તારણગિરિ, તારણગઢ, તારાપુર, કેટકેટલાં સોહામણાં નામથી જાણીતા અને અંદાજે ૯૬૦ વર્ષ પ્રાચીન અને ભવ્ય સ્થાપત્યકળા અને જૈન ધર્મનો મનમોહક સંગમ એવા તારંગા તીર્થના દર્શન કરવા....

*ફોટો અને માહિતી :*
*CA સંજય ચંદનબેન વિસનજી છેડા*
*(રતાડિયા ગણેશવાલા)*
*મો.: ૯૮૯૨૮૧૫૩૬૭*

# હવે ટ્રેન આવવી જોઈએ



✻ ગુલાબ પાનબાઈ રવજી દેઢિયા ✻

નક્કી થયું કે જવું છે. બાકી બધું હવે થવાનું, પણ મન તો પ્રવાસે ઊપડી ગયું. એ ટ્રેનમાં ચડી બેઠું. મનને બારીવાળી બેઠક વગર ચેન કેમ પડે! પહોંચવાના સ્થળે પહોંચી ગયું. ફરીને પાછુંય આવી ગયું.

શાંત સરોવરમાં પડતી કાંકરી અને મનમાં વિસ્તરતાં ચિત્ર. બહારગામ જવાનો દિવસ તો આઘો છે. મન અત્યારથી જ ભાગલા પાડીને બધા વચ્ચે ઊભું છે. જવા આડે કેટલા દિવસ, કેટલા કલાક બાકી રહ્યા તેની ગણતરી મંડાય છે. બાકી રહેલાં કામ ઉકેલવાનું સાથે ચાલે છે. પ્રવાસમાં શું કરવાનું છે તેની મથામણ પણ હમણાં જ ચાલે છે. વર્તમાન અને ભવિષ્યની થોડી ભેળસેળ થઈ જાય છે. કામના પટારા ખૂલતા જ જાય છે. મન વેગવંત બન્યું છે. પ્રવાસ મન માટે રન-વે બની રહે છે. મન જાગરણ માંડે છે. ઊંઘમાં પણ એ સામાન ગોઠવતું રહે છે. ટિકિટ સાથે લીધી કે નહિ તે તપાસી લે છે. બધું સમુંસૂતરું પાર પડશે કે નહિ, એવી નિશ્ચિતતા અને અનિશ્ચિતતાની સીડીનાં પગથિયાં ચડવા-ઊતરવાનું મનને ફાવે છે.

હું પ્લૅટફૉર્મ પર આવી ગયો છું. વખત કરતાં ઘણો વહેલો આવી ગયો છું. મોડું તો ચાલે જ નહિ. ત્રેવડ કરાવવી એ મનનો અફર નિયમ છે. ગાડીને આવવું હોય ત્યારે આવે. પ્લૅટફૉર્મ એ વડનો વિસામો છે.

પ્લૅટફૉર્મ પર પગ મૂકતાં એક લાંબો ઉચ્છવાસ ધરપત રેલાવે છે. સામાન હેઠો મૂકું છું. એક-બે ઉપરાઉપરી શ્વાસ લઉં છું. સામાનનો ભાર ઊતરતાં હાથ મોકળાશ અનુભવે છે. ખભાના સાંધામાં અને આંગળાં પર કળતરની ઝીણી સ્મૃતિ હજી છે.

બહારગામ જતી ટ્રેનનું પ્લૅટફૉર્મ સદાય આકર્ષે છે. પ્લૅટફૉર્મ જાણે ઘાટ છે ને પાટા એ સરિતા છે. ટ્રેન એ નાવ છે, પાટા વહેતા રહે છે. તરતી જતી નાવ જેવી ટ્રેન ઘણું સાથે લઈ જાય છે અને ઘણું છોડી જાય છે. ઘાટ પરનો કલશોર પણ વહેતો રહે છે.

ગાડીઓ આવે છે અને જાય છે. મારે જેમાં નથી ચડવું એ ગાડીનો હું ખરા સાક્ષીભાવે જોઉં છું. બારી, પ્રવાસી, ભીડ, સામાન, ફેરિયા બધું જ દૂરથી સારું લાગે છે. લોકો ચડે છે. ઊતરે છે. એમની ક્રિયાઓ

જોઉં છું. વળાવવા આવેલા કે તેડવા આવેલા સ્વજનો મને ગમે છે. એમના મનોભાવમાં લટાર મારું છું. ગતિ પકડતી ટ્રેન સાથે વળાવવા જનારના સ્નેહ સાથે મનોમન ઉતાવળે પગલે ચાલવાની ચેષ્ટા કરું છું.

મને સાંજની ટ્રેનમાં પ્રવાસ કરવાનું ગમે છે. અસ્તાચળે જતો સૂર્ય સાથેસાથે ચાલે છે. બારીએ બારીએ વાત માંડે છે. સૂર્યોદય કે સૂર્યાસ્ત કોઈ પણ સ્થાનેથી માણવાની વેળા છે. ટ્રેનમાં સૂર્યાસ્ત જોતાં જુદી જ લાગણીઓ ઘેરી વળે છે. સાંજનું આકાશ રક્તમાં ભળી જાય છે. સાંજે કોઈ અજાણ્યા સ્ટેશને ટ્રેન થોભે છે. ઊતરી પડવાનું મન થાય છે. બધું જ અજાણ્યું છે. ત્યાં મન તો ઊતરી પડે છે.

અરે! હજી તો હું પ્લૅટફૉર્મ પર જ બેઠો છું. હું બેઠો છું, પણ મન તો ઊભું છે. વધુ વાર મને બેસવા નથી મળતું. ટ્રેનના આગમનની દિશા તરફ જોઉં છું. ડોક ઊંચી કરું છું. પગની પાની પર ઊંચો થાઉં છું. આવતી-જતી બીજી ટ્રેનો સમયસર છે. તેથી મનનો ઠીક લાગે છે કે મારી ટ્રેન પણ વખતસર જ આવશે. હું તો એટલો વહેલો આવી ગયો છું, કે અહીં બેસીને પત્રો લખું છું. આ પત્રોમાં પ્લૅટફૉર્મનો કોલાહલ આવી જાય છે. અક્ષરોના મરોડમાં પણ ટ્રેનનો ધબકાર છે. વાંચવાનો વ્યાયામ કરું છું. આંખો ફરી વળે છે. કંઈ વાંચી શકતો નથી. લીટીએ લીટીએ ટ્રેનનો રવ છે. અહીં-તહીં નજર દોડાવું છું પ્લૅટફૉર્મની સામે ગુલમહોરનું વૃક્ષ ચુપચાપ ઊભું છે. મને મારા છલકાઈ જતા વલવલાટ પર જરાક ભોંઠપ લાગે છે. ઉતાવળ અને ઉત્સાહની લખોટીઓ ભેગી થઈ જતાં આવું ક્યારેક થઈ જાય છે.

ગાડી તો એના સમયે આવવાની છે. એ સમજ રાહ જોનારને કોણ આપે? મન પ્લૅટફૉર્મ માપ્યા કરે છે. સ્વામી આનંદના શબ્દો સ્મરણે ચડે છે. ‘વરસો વાટ જોઈ. અસંખ્ય સ્વજનો, મિત્રો, જીવલગ સાથીઓને વિદાય કર્યા. જિંદગી વસમી થઈ ગઈ. દુનિયાનો ઉદ્ધાર કરવાના લહાવા - ઓરિયા બધા વીત્યા. બિસ્તર બાંધી ટિકિટ કપાવી વરસોથી પ્લૅટફૉર્મ પર બેસી રહ્યો છું, પણ મારી ગાડી જ કમબખત આવતી નથી.’

નાના સ્ટેશનનાં પ્લૅટફૉર્મ વધુ મોકળાં લાગે છે. સરખા દેખાતા માનવીઓની જેમ પ્લૅટફૉર્મ પણ સરખાં નથી હોતાં. દરેક પ્લૅટફૉર્મની આગવી મુદ્રા છે. પોતાનો જુદો મિજાજ છે.

સમેત શિખરની યાત્રા પૂર્ણ કરી પારસનાથ સ્ટેશનના વિશાળ ખુલ્લા આકાશના છાપરાવાળા પ્લૅટફૉર્મ પર અમારો સંઘ પથરાયેલો પડ્યો હતો. થોડે દૂર પહાડ દેખાતા

હતા અને હા, પાર્શ્વનાથ ભગવાનની ટૂક પણ દેખાતી હતી. મન માનવા તૈયાર નહોતું કે આટલી ઊંચાઈ પર અમે ગઈકાલે જ ગયા હતા. મન તો પ્લૅટફૉર્મથી સીધું શિખર પર આંટો મારી આવતું હતું. પહાડોની શોભા જોવામાં આંખો અટવાઈ ગઈ હતી. ઢળતી બપોરનો ખુશનુમા સમય હતો. મનમાં યાત્રા કર્યાની ધન્યતા મહેકતી હતી. પ્લૅટફૉર્મ અને પહાડની વચ્ચે દ્રષ્ટિને કનડે એવું કંઈ નહોતું. મોકળાશ ગરવી લાગતી હતી.

અમારી બોગી આગળના સ્ટેશનેથી આવવાની હતી. ટ્રેન ત્રણ-ચાર મિનિટ થોભવાની હતી. એક દરવાજેથી અમારો પૂરો પરિગ્રહપૂર્ણ સામાન અને બીજે દરવાજેથી અમારે ટ્રેનમાં પેસવાનું હતું. એ વિશાળ પ્લૅટફૉર્મ, સામે દેખાતા પહાડ અને વિખરાયેલો સામાન જોઈ મને કોણ જાણે કેમ પારસનાથ સ્ટેશને દક્ષિણ આફ્રિકાનું મેરિત્સબર્ગ સ્ટેશનનું પ્લૅટફૉર્મ અને સામાન સાથે ઉતારી દીધેલા ગાંધીજી યાદ આવી ગયા. બંને પ્રસંગો કે સ્થળોમાં કોઈ સામ્ય નહોતું, પણ મનને કોણ સમજાવે ? એ ક્યાં નિયમોને વશ વર્તે છે.

બધું સારી રીતે પાર પડી ગયું. સામાન અને અમે સરખેસરખી રીતે ઠલવાયા. મંદ મંદ વરસાદ શરૂ થયો. દિવસ ધૂંધળો છતાં પાર્શ્વનાથની ટૂક દેખાતી રહી.

બિહારના પારસનાથ સ્ટેશનના પ્લૅટફૉર્મ પર મારા મનને વગર ટિકિટે ઊભેલું ઘણી વાર જોઉં છું. એ પ્લૅટફૉર્મ ક્યારેક મને સપનામાં પણ મળવા આવે છે.

લાગે છે હવે તો ટ્રેન આવવી જ જોઈએ. પ્લૅટફૉર્મની હવામાં એનો અણસાર મળે છે. ફરીથી હું આ પ્લૅટફૉર્મ પર ઊતરીશ ત્યારે મને ઘણું નવું લાગશે.

નદીના ઘાટ પર અને પ્લૅટફૉર્મના બાંકડે બેઠા એટલું પુણ્ય.

મો. : ૯૮૨૦૬ ૧૧૮૫૨

**પ્રિય વાચકો,**

આપના પ્રતિભાવ, પ્રતિસાદ, પગદંડીને પત્ર માટે ત્રણ માધ્યમ :

**૧ વૉટ્સઍપ/સંદેશ**
(માત્ર પ્રતિભાવ, પ્રતિસાદ, પગદંડીને પત્ર)
**CA સંજય ચંદનબેન વિસનજી છેડા**
**૯૮૯૨૮૧૫૩૬૭**

**૨ ઈમેલ** - pagdandi@kvoss.org

**૩ પત્રવ્યવહાર**
પગદંડી, શ્રી ક.વી.ઓ. સેવા સમાજ
શ્રી ક.વી.ઓ. દેરાવાસી નવી મહાજન વાડી,
ત્રીજે માળે, ૯૯/૧૦૧, કેશવજી નાયક રોડ,
ચિંચબંદર, મુંબઈ - ૪૦૦ ૦૦૯.

- તંત્રી

# ટકાઉ લગ્નજીવનનો મંત્ર: મુંબઈની લોકલ ટ્રેનનો પ્રવાસ



✲ ડૉ. શિરીષ ભાનુમતિબેન ચુનીલાલ માલદે ✲

આમ તો મુંબઈની લોકલ ટ્રેન મુંબઈગરા માટે લાઈફલાઈન એટલે જીવાદોરી સાબિત થયેલ છે પણ એક અવલોકન અનુસાર નોકરી કે વ્યવસાય માટે દરરોજ મુંબઈની લોકલ ટ્રેનનો પ્રવાસ કરનાર વ્યક્તિના લગ્નજીવનમાં ભંગાણ પડતું નથી અને સુંદર રીતે ચાલે છે તે જોવામાં આવ્યું છે. દરરોજ લોકલ ટ્રેનનો પ્રવાસ કરીને અમુક તથ્યો બહાર આવ્યાં છે તે તમારી સમક્ષ મુકું છું.

સવારે ઘરેથી નીકળીને ડોબિંવલી, થાણા, ઘાટકોપર કે બોરીવલી જેવાં સ્ટેશનનો એ આગળથી આવતી ડબલ ફાસ્ટ ટ્રેનમાં ચડીને ઝડપથી ઑફિસ પહોંચી જઈશ એવા આશાવાદ સાથે મુંબઈગરા નીકળે છે, પણ સ્ટેશન પર પહોંચીને કલ્યાણ, કર્જત, કસારા કે વિરારથી આવતી ફાસ્ટ ટ્રેનમાં, ખીચોખીચ ગિર્દીવાળી ટ્રેનમાં ચડવાનો નિષ્ફળ પ્રયત્ન કરીને તે છોડવી પડે છે. પછી નાઈલાજે થોડી હતાશા સાથે ફાસ્ટ ટ્રેનને જતી જોઈને સ્લો ટ્રેન તરફ વળવું પડે છે અનો કૉમ્પ્રોમાઇઝ કરીને તે ટ્રેનમાં જગ્યા બનાવી પ્રવાસ કરવો પડે છે. આવું દરરોજ થવાથી તે વ્યક્તિમાં તડજોડ કરવાનો ગુણ તૈયાર થાય છે. પોતાના મનગમતા પાત્ર તરફથી નકાર મળતા છેવટે કુટુંબીજનોની સલાહ અનુસાર બહુ પસંદ ન હોય તેવી ''અનુરૂપ'' વ્યક્તિને જીવનસાથી તરીકે પસંદ કરી લે છે.

ઍડજસ્ટમેન્ટ કરીને પકડેલ સ્લો ટ્રેનમાં પણ જગ્યા બહુ આસાનીથી મળતી નથી, કારણકે આગળના સ્ટેશનથી રિટર્ન થયેલા લોકોથી જ બધી સીટો ભરાયેલી હોય છે. છેલ્લે બંને સીટો વચ્ચે ઊભા રહીને ''કાશ કોઈ જલદી ઊઠી જાય તો બેસવા મળે'' એવી આશા સાથે પ્રવાસ શરૂ થાય છે. સીટ પરથી કોઈ ઊઠે ત્યાં સુધી આવનાર દરેક જણ પોતાની બૅગ ઉપર સેલ્ફ પર રાખવા કે કાઢવા હક્ક સાથે કહેતું હોય છે. પંખા નીચેની જગ્યામાં ઊભા રહેવા આ કામ પણ હસતા મોઢે કરવું પડે છે. આ જ રોજિંદા કાર્યને લીધે તે વ્યક્તિમાં હસતા મોઢે મને-કમને શ્વસુર પક્ષના સર્વે લોકોને મદદરૂપ થવાનો ગુણ વિકસે છે.

આવી પરિસ્થિતિમાં પ્રવાસ કરતા ક્યારેક

તરત જ સીટ મળી પણ જાય ત્યારે જ કોઈ વૃદ્ધ કે માંદું માણસ સામે આવીને ઊભું રહે છે. કદાચ બીજા કોઈના દિલમાં દયા જાગશે તો તે સીટ આપશે એમ વિચારીને થોડી રાહ જુએ છે, પણ બધા જ પોતપોતાના કામમાં મશગૂલ હોવાનો ડોળ કરીને સીટ પર અડિંગો જમાવીને બેઠા રહે છે ત્યારે છેલ્લો માણસાઈના થોડા ગુણ હજી બાકી રહેલ હોવાથી પોતાની સીટ તે વૃદ્ધ અથવા અશક્ત માણસને આપી દે છે. આમ આપણો આ મુંબઈગરો વૃદ્ધોની સેવા-ચાકરી કરવાનો બહુ મોટો ગુણ કેળવે છે.

ભૂલચૂકમાં ક્યારેક લેડીઝ ડબ્બામાં અથવા વિકલાંગ માટેના આરક્ષિત ડબ્બામાં ચડી જવાય તો તો આવી બન્યું. મહિલાઓ તરફથી રાડારાડ તથા ક્યારેક ગાળાગાળીનો પણ સામનો કરવો પડે છે. ઘોર અપમાન અને ક્યારેક પોલીસ હવાલદાર તરફથી મળતો પ્રસાદ અલગથી. ત્યારે તેને મહિલાઓના તરફ ઢળેલા કાયદાઓની પૂરી જાણકારી પ્રાપ્ત થાય છે અને વિફરેલી મહિલાના રસ્તે ક્યારેય ન જવું તે પાઠ શીખે છે. લગ્ન બાદ ઘરે પત્નીના મહિલામંડળ અને કીટ્ટી પાર્ટીના પ્રોગ્રામ ચાલતા હોય ત્યારે બેડરૂમમાં ગોંધાઈને પડ્યા રહેવાનો ગુણ પણ વિકસે છે.

સીટો માટેની પડાપડી, શ્વાસ લેવામાં પણ મુંઝારો થાય તેવી ગિર્દી, ગરમી, બફારો, ધક્કા લાગવા જેવાં અનેક કારણોથી લોકલ ટ્રેનમાં ઝઘડા અને બોલાચાલી બહુ સામાન્ય છે. ક્યારેક તો કાનમાંના કીડા ખરી પડે તેવી ગાળો પણ બોલાતી હોય છે, પણ આ સર્વેનો સુખદ અંત એટલે થોડી જ મિનિટોમાં બધી ભડાશ બહાર નીકળીને બંને પાર્ટી શાંત થઈ જતી હોય છે. ''તું નીચે ઊતર એટલે તને બતાવું'' એમ બોલનાર વ્યક્તિ ખરેખર જ્યારે તેના સ્ટેશન પર ઊતરે છે ત્યારે તે ઝઘડો લગભગ ભૂલી ગઈ હોય છે. વિવાહજીવનમાં પણ ઝઘડાઓ સ્વાભાવિક હોય છે. દરેક વખતે ઝઘડા કે રુસણાં ખરાબ નથી હોતાં. મનમાં રહેલો ગુસ્સો, ચીડ કે અણગમો વ્યક્ત કરવા માટે ઝઘડા જરૂરી હોય છે, પણ તેને ફક્ત વિવાદના મુદ્દા પૂરતા જ સીમિત રાખવા અને ઝઘડતી વખતે પતિ-પત્નીએ એકબીજાંનાં મા-બાપનો ઉચ્ચાર ન કરવો. અનેક કારણોસર થયેલ ઝઘડા બંને પતિ-પત્ની થોડા સમયમાં ભુલાવીને પાછા નોર્મલ થઈ જાય તે સમતા ફક્ત લોકલ ટ્રેનના પ્રવાસ દ્વારા જ પ્રાપ્ત થાય છે. આમ પતિ–પત્ની વચ્ચે સ્નેહગાંઠ મજબૂત થાય છે.

સૌથી મહત્ત્વનો ગુણ એટલે લોકલ ટ્રેનમાં પ્રવાસ કરીને પ્રાપ્ત થતી પ્રચંડ

સહનશક્તિ. દરવાજો બ્લૉક કરીને હવા ખાવા ઊભા રહેલ લોકોને સહન કરવા, બેકપેકને ખભા પર આગળ કાંગારુની જેમ લટકાવનાર લોકોનો ત્રાસ ખમવો, કલાકો સુધી ઊભા રહેવું, ઈયર ફોન વગર મોટેથી યૂ-ટ્યૂબ વીડિયો અને ફેસબુક, ઈન્સ્ટાની રીલ ચલાવનાર લોકોનું ધ્વનિ પ્રદૂષણ સહન કરવું, અન્યના કોણીના હડસેલા ખાવા, ઈતર પ્રવાસીઓના પસીના, ગુટખા, પાન મસાલા કે તંબાકુની દુર્ગંધ સહન કરવી, અન્ય પ્રવાસીઓની મોબાઈલ પરની વાતચીત નિર્વિકારપણે કે રસથી સાંભળવી જેવા અનેક ઉપસર્ગ સહન કરીને પોતાના ગંતવ્ય સ્થાન પર પહોંચવાનું સામર્થ્ય ફક્ત લોકલ ટ્રેનના પ્રવાસમાં મળે. આ કેળવેલી સહનશક્તિ લગ્ન જીવનમાં ડગલે ને પગલે ઉપયોગી સાબિત થાય છે.

રોજ ફિક્સ ટ્રેનમાં, ફિક્સ ડબામાં, ફિક્સ કોર્નરમાં પ્રવાસ કરનારા પ્રવાસીઓ આપસમાં ઘનિષ્ઠ મિત્ર બની જાય છે અને આવા ભીડવાળા વાતાવરણમાં પણ પોણાથી એક કલાકની સફરમાં પોતાની જાતને રિફ્રેશ કરી નાખતા હોય છે. બ્રહ્માંડના સમગ્ર વિષયો પર અત્યંત ગહન ચર્ચા હોય કે રમી, લૂડો જેવી ગૅમ હોય કે પછી નાના-મોટા તહેવારોમાં ફરસાણ, મીઠાઈની નાનકડી પાર્ટી હોય કે રામધૂન અને હનુમાન ચાલીસા કે પછી નવરાત્રીમાં ગરબા હોય, મુંબઈગરા લોકલ ટ્રેનની વિપરીત પરિસ્થિતિમાં પણ આનંદ શોધી લે છે તેવી જ રીતે લગ્ન જીવનની વિવિધ ચૅલેન્જમાં પણ આનંદની તકો શોધી શકનાર વ્યક્તિનું લગ્ન જીવન હંમેશાં સમાધાનકારક રહેશે.

સેકન્ડ ક્લાસ હોય, ફર્સ્ટ ક્લાસ હોય કે એસી લોકલ હોય... દરેક વર્ગમાં આ અનુભવો ઓછા-વત્તા પ્રમાણમાં દરેકને થયા જ હશે. આ સિવાસ હજી નવા અનુભવ થયા હોય તો તે મને જરૂર જણાવશો.

-ભુજપુર

મેદાનમાં હારેલો માણસ
ગમે ત્યારે જીતી શકે છે,
પણ મનથી હારેલો વ્યક્તિ
ક્યારેય જીતી શકતો નથી.
હિંમત રાખો અને
નવેસરથી શરૂઆત કરો.

મંઝિલે મંઝિલ વિસામા નથી હોતાં,
સાથે ચાલનારા દરેક સથવારા નથી હોતાં...
મળે છે લાખો લોકો આ ટૂંકી જિંદગીમાં,
પણ તમને ગમતાં તમારા નથી હોતાં...

આવતીકાલ ક્યારેય આવતી નથી.
એ જ્યારે પણ આવે છે આજ બનીને
આવે છે. માટે આવતીકાલે જે કંઈપણ
સારુ કરવાની ઈચ્છા હોય
એની શરૂઆત આજથી જ કરો.



# મુંબઈમાં ખેતી શરૂ કરનાર "કચ્છી માડુ"

✻ વસંત મોંઘીબાઈ ઉમરશી મારુ ✻

નાના ભાડિયાની ધુળનો સ્પર્શ પામી એકસો એક વર્ષના ચાંપસીબાપા રાજી રાજી થઈ ગયા. એમના ત્રણે દીકરાઓ બાપાને કુળદેવીના જુહારના ફન્કશનમાં ગામ લઈ આવ્યા હતા. ૧૦૧ વર્ષના ચાંપસીબાપાનો જન્મ મુંબઈમાં થયો હતો. ફિલ્મની જેમ એમના જીવનની ઘટનાઓ ચાંપસીબાપાને યાદ આવવા લાગી.



ચાંપસીબાપાના પિતા રામજીબાપા અને મેઘબાઈમા અંદાજે એકસો ચાલીસ વર્ષ પહેલાં મુંબઈ આવ્યાં હતાં. રામજીબાપા નાના ભાડિયાના ખેડૂત હતા. પણ દુકાળોએ કચ્છને પાયમાલ કરી દીધું હતું. ખેતી પર નભતા ઓસવાલ જૈનો કુદરતના આ કોપ સામે લાચાર બની ગયા હતા, પણ ગામથી એક મર્દ ઓસવાળ જૈન કુદરત સામે જાણે બાથ ભીડવા દરિયા ખેડતા ખેડતા દિવસો પછી મુંબઈ પહોંચી ગયો. એ ઓસવાળનું નામ હતું રામજીભાઈ વાલજી મારું.

દોઢસો વર્ષ પહેલાં બોરીવલી એટલે ગાઢ જંગલ પ્રદેશ. ઘણાં બોર પાડતાં હતાં એટલે બોર પરથી નામ પડ્યું બોરીવલી. અત્યારે નેશનલ પાર્કનું જંગલ છે એવું ગાઢ જંગલ આખા બોરીવલીમાં પથરાયેલું હતું. ગોરાઈ ગામ, એકસર ગામ, બાભઈ ગામ, પોઈસર ગામ જેવાં નાનાં નાનાં ગામો જંગલ વચ્ચે વસેલાં હતાં. જંગલ વચ્ચે વચ્ચે ખેતરો પણ હતાં. રસ્તાઓ કાદવ-કીચડથી ભરેલા હતા. ૧૮૬૭માં બોરીવલી સ્ટેશન શરૂ તો થયું હતું, પણ ત્યારે દિવસમાં માંડ પાંચ-છ ટ્રેન આવતી એ પણ લાકડાના ત્રણ–ચાર ડબાની ટ્રેન હતી. કોલસાના એન્જિનથી લોકલ ટ્રેન ચાલતી! અત્યારે મુંબઈ પહોંચવા ટ્રેનમાં પચાસ મિનિટ લાગે છે, પણ ત્યારે બે કલાક લાગતા. અંદાજે ૧૮૮૫નો સમય હતો. એકસો ચાલીસ વર્ષ પહેલાં રામજીબાપા અથડાતા-કુટાતા મુંબઈ આવ્યા અને બોરીવલીના બાભઈ નામના ગામમાં પ્રવેશ્યા.

બાભઈ સાવ નાનકડું ગામ હતું. બોરીવલીના નાનકડાં ખેતરોના ખેડૂતો અને કોલીઓની વસ્તી હતી. આજુબાજુ સારા એવા પ્રમાણમાં નાનાં તળાવો હતાં. લોકો કૂવામાંથી પાણી ભરી વાપરતા. રામજીબાપાને માત્ર કચ્છી ભાષા આવડે અને ગામના લોકોને મરાઠી કે કોંકણી ભાષા આવડે, પણ થોડાક સમયમાં કચ્છી મિશ્રિત મરાઠી ભાષા બોલીથી ગામજનોના દિલ જીતી લીધા. ખેતી કરવા આવેલા રામજીબાપા અને મેઘબાઈમાં એ દુકાન ચાલુ કરી, કારણકે બોરીવલીનાં આટલાં બધાં ગામડાંમાં ફક્ત સ્ટેશન પાસે એક દુકાન હતી. બીજી દુકાન બાભઈ ગામમાં રામજીબાપાએ ચાલુ કરી. દુકાન સારી ચાલવા લાગી. મહેનત અને ઈમાનદારીને કારણે કચ્છીવાણી લોકપ્રિય બની ગઈ. એમને ત્રણ દીકરા અને ચાર દીકરીઓ હતી. વચેટ દીકરા ચાંપસીબાપાનો જન્મ એકસો એક વર્ષ પહેલાં બોરીવલીના બાભઈ ગામમાં થયો.

સો-સવાસો વર્ષ પહેલાં બોરીવલી વિસ્તારમાં ધીરેધીરે થોડાક કચ્છી ભાઈઓએ કચ્છથી આવવાનું શરૂ કર્યું. રામજીબાપા એમને સ્થિર થવા બધી રીતે મદદ કરતા. ઉપરાંત બાભઈ ગામવાસીઓને સ્ટેશનથી ગામ સુધી આવવા વિનામૂલ્યે ટાંગા સર્વિસ શરૂ કરી. કારણકે રિક્ષા તો શું કારનું આગમન પણ ભારતમાં થયું નહોતું. લોકો ટાંગા કે બળદગાડીઓનો ઉપયોગ કરી માણસો અને માલને એક જગ્યાએ થી બીજી જગ્યા લઈ જતા. રામજીબાપાનો એકજ અફસોસ હતો કે કચ્છથી કોઈ સાધુ-સાધ્વીજીઓ મુંબઈ ચોમાસા કરવા કે વિચરવા નહોતાં આવતાં કારણકે બોરીવલીમાં ધર્મસ્થાનો નહોતાં અને દરેક વરસે પર્યુષણમાં કચ્છ જવું શક્ય નહોતું.

રામજીબાપાના મોટા પુત્ર ઉમરશીબાપા, વચેટ ચાંપસીબાપા અને નાના મુલચંદબાપા અને ચાર બહેનો વચ્ચે ગજબની આત્મીયતા હતી, પણ સમય પસાર થયો અને ત્રણે ભાઈઓ છૂટા પડ્યા. મોટા ઉમરશીબાપાએ ગોરાઈ ગામમાં દુકાન ચાલુ કરી અને વચેટ ચાંપસીબાપાએ પિતાનું ખેતીનું સ્વપ્ન પૂરું કરવા એક્સર ગાવમાં ખેતર લીધા. શરૂઆતમાં ખેતી કરી, પણ પછી ખેતરો ચલાવવા ખેડૂતોને આપી દીધાં. એ સમયે ત્યાં લોકલ માણસોનો ખોરાક ભાત હતો એટલે ત્યાંના ખેડૂતો ચોખાની ખેતી કરતા, ઘરની જરૂરિયાતના ચોખા રાખી બાકીના ચોખા ચાંપસીબાપાને વેચતા.

ખેડૂતો પાસેથી જમા થયેલ ચોખાનો જથ્થો ગાડાં પર લાદી લાલબાગ મિલમાં મોકલતા અને વળતી વખતે મસ્જિદબંદરથી દુકાનનો માલ લાદી બોરીવલી લાવતા. ત્યારે આજના જેવા રસ્તાઓ મુંબઈમાં નહોતા. પણ કાચા-પાકા અને ક્યાંક ધુળિયા રસ્તા પર બળદગાડી માલ ભરી મસ્જિદબંદરથી

બોરીવલી આવતી. સાંજે બળદગાડી મસ્જિદ બંદરથી નીકળતી એ રાતે અંધારિયા રસ્તા પર ચાલતા ચાલતા સવારે બોરીવલી પહોંચી આવતી. રસ્તામાં બળદગાડી ચલાવનારને ઝોકું આવી જાય તોય બળદ નિર્ધારિત રસ્તા પર ચાલતા ચાલતા સવારે બોરીવલી પહોંચી આવતા.

એ સમયમાં સમાજમાં દેરાવાસી મહાજન, સ્થાનકવાસી મહાજન, માટુંગા બોર્ડિંગ ઇત્યાદિ થોડીક સંસ્થાઓ હતી, પણ લતેલતે અને ગામેગામે આટલી બધી સામાજિક સંસ્થાઓ નહોતી. એવા સમયે કચ્છી માડુ ચાંપસીબાપા જાણે સ્વયં સંસ્થા બની પોતાના વિસ્તારમાં આવતા કચ્છી માડુઓને સહારો આપતા. એમના સારા-ખરાબ પ્રસંગે હાજર રહી સાચવી લેતા.

કુળદેવીની આરતીની ઝાલર વાગવા લાગી અને એકસોએક વર્ષના ચાંપસી દાદા ભૂતકાળમાંથી બહાર આવી ગયા. એમણે સો વર્ષમાં બદલાતા સમયને જોયો છે. પોતાની ચોથી પેઢી એટલે કે પરપૌત્ર દોહિત્રને ખોળે બેસાડી રમાડવાનો આનંદ લીધો છે. અને એ આનંદ જ એમના આટલા સ્વસ્થ અને લાબા આયુષ્યનું કારણ બન્યું છે. ચાંપસીબાપાને પ્રણામ.

મો. : ૯૭૫૭૪૦૫૮૭૨


Since 2000
100% Pure Vegetarian

श्री गणेश श्री
मिठाई फरसाण बेकरी

Our Products
Bakery & Confectionery • Cakes & Patisserie
Indian Sweets • Hot Farsan
Dry Farsan • Low Calorie Food (Diet Food)

100% PURE JAIN PRODUCTS

3, Minesh Park, Chandavarkar Road, Borivali (W), Mumbai - 400 092
72 77 88 33 55 / 800 9955 443

# શોર, ઘોંઘાટ, ધ્વનિ, નાદ ... અને આપણે.



✻ પરેશ કેસરબેન ગાંગજી શાહ (નિશબ્દ) ✻

ઘણી વખત એવું લાગે, જીવનમાં એક એવો વિરામ (Break) આવે જ્યારે સ્વને, જાતને જીવનના રોજિંદા અવાજોથી દૂર રાખી શકાય તો કેવું ?

ઘર ઑફિસની આજુબાજુ વાગતાં લાઉડ સ્પીકરોનો ભારી ભરખમ અવાજ, માલ વેચતા મથતા ફેરિયાઓની બુમરાણ, ટ્રાફિકનો ઘોંઘાટ, ડિઝિટલ ડિવાઈઝનો પોતાનો કર્કશ અવાજ અને અશાંત મનમાંથી ઉદભવતા રઘવાટનો અવાજ...

ઘણી વખત એવું લાગે મનને શાંતિની નહિ, પણ આ નિરર્થક અવાજોથી મુક્તિ મળવી જોઈએ જેથી મારી આજુબાજુની સાચુકલી દુનિયાની ખરી અનુભૂતિ હું સ્વંય કરી શકું.

હું એવા વાતાવરણમાં ઉછર્યો છુ જ્યાં આજુબાજુ બોલકી વ્યક્તિઓની ભરમાર રહી હોય. સવાર પડે ત્યારે પક્ષીઓના મીઠા કલરવનો બદલો માનવસર્જિત અવાજની બોલબાલા હોય. એટલો જ અંતર્મુખી (Introvert) વ્યક્તિ તરીકે મને હંમેશાં લેખન અનો વાંચનમાં સાચું આશ્વાસન મળે. શાંતચિત્તે ભીતરમાં ડૂબકી લગાડી સ્વના રવની ખોજ કરવામાં વધુ આનંદ આવે.

એકાંતની શોધમાં માનવી સદીઓથી ભટકતો આવ્યો છે. એકાંત એટલે અવાજ વગરની દુનિયા નહિ... પણ ભીતરનો અવાજ... પ્રકૃતિનો અવાજ... સંગીતનો રવ... જલતરંગમાંથી સરજાતા લયની સિમ્ફની.. જેને ઓળખવાનું આપણે વિસારી દીધુ છે.

આપણે એટલે ઘોંઘાટ અને કોલાહલના માણસ.

ગાડી, બાઇક કે સ્કૂટર ચલાવીએ તો કારણ વગર હોર્ન વગાડીએ. કર્ણપ્રિયતાનો ક્યારેય આગ્રહ નહિ, કર્ણ અસુરતાને આપણે પોંખીએ, લગ્નવિધિમાં પણ ઘોંઘાટનો પોસીએ. લગ્નવિધિની મધુરતાને માણવા કે કુટુંબીઓ/મિત્રો સાથે પ્રદીર્ઘ વાર્તાલાપ માંડવા કરતા લાઉડ સંગીતના પોષક બનીએ. તહેવારોમાં ઉત્સવને બદલે પરાણે શોરબકોર લાવીએ. સામાન્ય વાતચીતમાં બુમરાણને વચ્ચે લાવીએ. ટ્રેન કે વિમાનની સફરમાં ઓડિયો ડિવાઇઝનો ઉપયોગ કર્યા વગર બીજાની શાંતિની પરવા કર્યા વિના ઊંચા

વૉલ્યૂમથી વીડિયો ક્લીપ જોતા સફરવીરો આઘાત પહોંચાડે. આજુબાજુ સંભળાતો નિરર્થક વાતોનો શોર અને દૌર પણ વિષાદ લાવે...

વારે-તહેવારે ઉપવાસ, એકટાણું, નિર્જર ઉપવાસ કરતા આપણે કારણ વગર બુમો ન પાડવી, શાબ્દિક લવારા ન કરવા, બકવાસ ન બોલવું એવા નિયમોની સારી આદત પાડીએ તો કેવું? મૌનને વ્યક્તિત્વનું આભૂષણ બનાવીએ તો કેવું?

ભીતરની દીવાનગીનો સાંભળવા, દિવ્યતાને અનુભવવા માનવસર્જિત અવાજો, ઘોંઘાટો, કકળાટોને દૂર હડસેલવા પડે.

મારા બેડરુમની બારીમાંથી રાત્રીના તારામય આકાશને નીરખી રહ્યો છું. આકાશના ઘેરા કૅન્વાસ પર તારામંડળ, આકાશ ગંગાઓ, નિહારિકાઓ શુભ્ર રંગોળી સજાવી રહ્યાં છે ત્યારે શાંત મન હૃદયના ધબકારાને પણ સાંભળી શકે છે. દૂર આવેલા સમુદ્રના મોજાં ભલે શાંત પડ્યાં હોય, પણ વિચારોની ભરતી અને ઓટ એક અલગ તર્જની રચના કરે છે.

નદીનાં ખળખળતાં વહેણનો મધુર અવાજ, ઊંચા તરુવરનાં સુકાં પાંદડાંમાંથી પસાર થઇ વહેતા પવનનો અવાજ, જંગલી પુષ્પોમાંથી રેલાતી માદક સુગંધના અહેસાસનો અવાજ, બાજુના ઘરે નવજાત શિશુને સુવડાવતી માતાનાં હાલરડાંનો હલકવાળો સૂર, રાત પડે સોડમાં ભરાયેલાં વાછરડાંને બુચકારતી ગાયમાતાનો વહાલભર્યો અવાજ, તમરાંનો અવાજ, દૂર સુદૂરની સોસાયટીના ચોકીદારનો લાકડી ને ઠપકારવાનો રણકદાર અવાજ, બાજુના આઇપેડમાંથી રેલાતો આદિત્ય ગઢવીનો બુલુંદ અને મેધાવી અવાજ... આ બધા જાણે પોતીકાં લાગે છે.

ઈશ્વરનો નાદ, બ્રહ્મનો ધ્વનિ અનો અભિવ્યક્તિ અને માનવતાના સાદમાંથી સર્જાતો અવાજ જ સર્વશ્રેષ્ઠ છે.

આપણાં કાર્યો આપણી વિદ્વતા અને આપણી નિભાવેલી જવાબદારી સ્વંય બોલકાં બનવાં જોઈએ. તે માટે કોઈ શોરબકોર કરવાની જરૂર ખરી? આપણે શોષિત અને પીડિતનો અવાજ બનીએ, નહી કે નિરર્થક વાદ-વિવાદનો. ક્યારેક આપણા અવાજને અટકાવી, મૌન રહી, અન્યોને બોલવા દેવું એ પણ સંભળાતા સ્વરનો આદર કહી શકાય.

રોજબરોજ ઉચ્ચારાતા લાઉડ શબ્દો, દલીલો, વ્યર્થની વાતોને બદલે આપણી ભાષા મૌનની બને તો જીવન વધુ સુગંધિત અને રંગીન બને.

અનહદ નાદ જગાવો સહુ કોઇ... એવા શુભ ભાવ સાથે.

મો. : ૯૮૨૦૧૪૫૧૪૩

# ખતરનાક ટ્રેન્ડ



✳ રાજેશ જવેરબેન નરશી સાવલા ✳

- આજે પિન્કીનો બર્થ ડે છે. ચાલો હોટલમાં જઈ પાર્ટી કરીએ.

- આજે મારો ખાવાનું બનાવવાનો મૂડ નથી, ચાલો હોટલમાં જમી લઈએ.

- બાજુવાળાં મીનાબેન કહેતાં હતાં, ઓલો પાણીપૂરીવાળો શું જબરજસ્ત પાણીપૂરી બનાવે છે. સ્વાદ બેજોડ. ચાલો આજે પાણીપૂરીથી પેટ ભરી લઈએ.

- ઉપરનાં ઉદાહરણ બતાડે છે કે આજે લોકો કેટલી હદે બહારના - હોટલના- લારીનાં ખાણાંપીણાં પર અવલંબિત થઈ ગયા છે.

- પેટ્રોલ-ડીઝલના ભાવ વધે ત્યારે બહુ ઊહાપોહ થાય છે. મોંઘવારી વધી જાશે એવા બુમબરાડા થાય છે, પણ હોટલમાં જે રીતે ભાવ વધી ગયા છે, તે છતાં પણ કોઈ હોટલ શનિ-રવિ કે રજાના દિવસે ખાલી નથી હોતી. ત્યાં તો વેઈટિંગ લિસ્ટ હોય છે. લોકો ખાવા માટે અડધો -એક કલાક વેઇટ કરવા તૈયાર છે. મુંબઈનાં ગુજરાતીઓનાં પરાં તરીકે ઓળખાતાં ઘાટકોપર, મુલુંડ, બોરીવલી, મલાડ વગેરેમાં સાંજ પડે એટલે બિહારી અને યુપીના ભૈયા એક ગલીમાં પોતાના ખાણીપીણીના સ્ટૉલ લગાવી દે છે અને લોકો રીતસરના એના પર તૂટી પડે છે. આ ફાસ્ટફૂડ હાઈજિનીક છે કે નહીં એની કોઈને પરવા નથી. પોતાની સ્વાદેન્દ્રિયને પોસવા લોકો ત્યાં પહોંચી જાય છે. આ ખતરનાક ટ્રેન્ડ થઈ ગયો છે. કે ગૃહિણીઓએ ઘરમાં ભોજન બનાવવાનું ઓછું કરી નાખ્યું છે. વીક ડેમાં પણ ઓનલાઇન ખાવાનું મંગાવતા લોકોને સંકોચ નથી થતો. Zomato & Swiggy અને બીજી અનેક ઓનલાઈન ખાવાનું પહોંચાડતી કંપનીઓ ધમધોકાર ચાલે છે. ત્યારે લોકોને મોંઘવારી દેખાતી નથી. હોટલવાળા એકવાર ભાવ વધારે પછી ઘટાડો કરતા નથી. પછી ભલેને ફુગાવો ઓછો થાય. સરકાર પણ ચુપ રહીને તમાશો જોયા કરે છે. કદાચ સત્તાધારી પાર્ટી અને વિપક્ષોને પણ આ હોટલવાળા દલ્લો પહોંચાડતા હોય.

- પતિ-પત્ની બન્ને નોકરિયાત હોય,

સમયની મારામારી હોય તો હોટલમાંથી ખાવાનું મંગાવો તો સમજી શકાય, પણ આજકાલ હાઉસવાઈફ જે ઘરમાં હોય તે પણ આ ટ્રેન્ડમાં જોડાઈ ગઈ છે. સ્ત્રીને અન્નપૂર્ણા કહેવાય છે. રસોડાની રાણી કહેવાય છે. તે બિરુદ, તે માન પણ હવે રહ્યું નથી. પોતાના કુટુંબીઓ માટે સાત્વિક ભોજન બનાવવું એ સ્ત્રીનો ધર્મ છે, પણ આ યુગમાં હોટલ-લારીવાળા આ ધર્મ ભજવે છે.

- બહારનાં ખાણાંપીણાંથી તબિયતને હાનિ પહોંચે છે. મસાલાયુક્ત ભોજન શરીર માટે અનુકૂળ નથી. વિવિધતા ખાતર એકાદ વાર હોટલમાં જઈ ખાધું તો Okay પણ મહિનાના સરેરાશ ૧૦-૧૫ દિવસ કે તેથી પણ વધારે બહારી ખોરાક વર્જ્ય છે.

- આજના યુગમાં વધતી બીમારીઓ માટેનું કદાચ આ એક કારણ હોઈ શકે. યુવાનીમાં ચટાકેદાર ભોજનમાં ઓતપ્રોત રહ્યા પછી ઘડપણમાં ફરજિયાત બાફેલ, સ્વાદ વગરનું ખાવાનો અવસર આવે એવી શક્યતા હોય છે.

- આ વિષય પર વર્તમાનપત્રો અને મૅગેઝીનમાં ઘણી વાર સાવચેતીના લેખ આવી ચૂક્યા છે. લોકો સમજે છે પણ અમલમાં મૂકતા નથી. કેટલાક એવા માણસો પણ હોય છે, જેને ક્યાં કઈ વાનગી સારી મળે છે એની સંપૂર્ણ માહિતી હોય છે અને એ મજેથી, ચીવટથી, ઉત્સાહથી પોતાની આ માહિતી લોકોને પીરસે છે.

- જૈન વાનગીઓ તો હવે દુનિયાના દરેક ખૂણે મળે છે. જૈન ધર્મ કહે છે, કે આસક્તિ ઓછી કરો. સ્વાદ પર કન્ટ્રોલ કરો, પણ આપણે જૈન હોવાનો દેખાડો કરી વટથી હોટલમાં જૈન વાનગીનો ઑર્ડર આપીએ છીએ એ શું ધર્મની અવહેલના નથી?

- એટલી આશા રાખીએ કે ભૂતકાળનો જમાનો પાછો આવે જ્યારે ઘરનું ભોજન બધાને મળતું હતું. હોટલો નામ પૂરતી હતી.

મો. : ૯૭૬૯૦૦૮૮૧૯

મારા હૃદયમાં હંમેશા તારો વાસ રહે,
મારા માથા પર હંમેશા તારો હાથ રહે...
રસ્તાઓ કેટલાય પણ હોય કઠિન,
બસ દરેક ક્ષણ પ્રભુ તારો સાથ રહે...

બધાની સેવા કરો પણ
કોઈની અપેક્ષા ન રાખો,
કારણકે સેવાની સાચી કિંમત ભગવાન
જ આપી શકે છે, માણસો નહિ.

# ગૃહિણી – એક કૅરિયર

❋ ગીતા અમૃતબેન નાનજી સતરા ❋

અરે વાહ! ભણવાનું પતી જાય એટલે જોબની શોધ કરવાની, કૅરિયર બનાવવા માટે પણ ગૃહકાર્ય શીખી એને કરીયર બનાવવું હોય તો? ઘરને સુચારુ રીતે ચલાવવું એ ગૃહિણીનું કાર્ય ઘર સંભાળવું એ એક સન્માનીય કાર્ય છે એવું આજકાલ કોઈને લાગતું કેમ નથી! આપણી માતા, દાદીએ આ કાર્ય કરીને ગૃહકાર્યને બાય ચોઈસ નિભાવવાનું સ્વીકાર્યું એ ખોટો નિર્ણય નથી. બહાર જઈને પૈસા કમાવી લાવવા એટલે જ વિશેષ એવું કેમ માની લેવામાં આવે છે. વળી, એમ થાય કે તો આટલું શિક્ષણ વેડફાઈ ગયું ? ના, એમ નથી. બાળકોના અભ્યાસરૂપી લોટમાં અનુભવીરૂપી ભણતરનું ઘી ઉમેરી સાથે સંસ્કારોનો ગોળ ભેળવી બનાવાયેલો લાડવો એમના જીવનઘડતરને અનોખો ઓપ આપે છે. જેનાથી ખુદના શિક્ષણનો યથાયોગ્ય ઉપયોગ થયાનો આનંદ અમાપ છે.

પોતાના ઘરને નોકરોના હાથમાં સોંપી બીજાનાં વેંતરાં કરવા કે બોસનો ઠપકો ખાવા કરતા ઘરની રાણી બની સેવામાં કેટલી ખુશી રહેલી છે. ગિર્દીમાં થાકીપાકી આવી જંકફૂડ ખાતાં ખાતાં બોસની ફાઈલ પૂરી કરવા કરતા પોતાના હાથે હાઈજેનિક ખોરાક બનાવી ઘરના દરેક સભ્યોને ખુશ રાખી શકાય અને કીટી પાર્ટીમાં બહારનાં પડીકાં પીરસવાને બદલે જાતે નીતનવી વેરાઈટી બનાવી જે વાહવાઈ મળે એની મજા તો જેણે માણી હોય એજ સમજે. કેયરટેકરને ભરોસે ઘરના વડીલોને સોંપવાને બદલે જાતદેખરેખ અને જરૂરી સંભાળ મળતા એમના આશીર્વાદના ઝરણામાં ભીંજાવાનો આનંદ જતો ન કરી શકાય. વળી, સાંજ પડે પડોશી સાથે શાકભાજી લેવા જઈ મોલભાવ કરવાની મજા, બાળકોને સ્કૂલે મૂકવા જવાની મજા, વડીલોને ગાર્ડનમાં ફરવા લઈ જઈ બેડમિંટનનો એક રાઉન્ડ પૂરો કરવો જૈનોલૉજીનું જ્ઞાન મેળવવું અને એવી તો નાની નાની કેટલીય ખુશીઓ ગણાવી શકાય.

સામાજિક સંસ્થાઓમાં કાર્યરત રહેવું, ખેલકૂદની સ્પર્ધાઓમાં ભાગ લેવો એ બધું ઘર સાચવવાની સાથે આનંદ અપાવે છે.

ફક્ત પૈસા કમાવવાવાળા તરફ

સન્માનીયતા અને ઘર સાચવવાવાળા તરફ દયનીયતા રાખવી યોગ્ય નથી.

કુટુંબને જોડી રાખવું એ પણ એક ઉમદા કાર્ય છે. ભલે પૈસા કમાવ્યા નથી, પણ બચાવ્યા એવા ગૃહિણીના સુપર પાવરના પદને શોભાવવાની ખુશી અનેરી છે. શર્ટના તૂટેલા બટનથી લઈ પુરુષોને ઘરની જવાબદારીથી થોડા મુક્ત રાખી, એના આત્મવિશ્વાસને અકબંધ રાખી ઘરને જોડવાની આવડત ધરાવતું વ્યક્તિત્વ એટલે જ ગૃહિણી. ઘરની રાણી જેનું આખું ઘર છે ઋણી.

એટલે ગૃહિણી તરીકે કૅરિયરની ચોઈસ કરવી યોગ્ય છે.

મહિલાદિન કે સ્ત્રીસશક્તિકરણની વાત આવે ત્યારે અન્ય ક્ષેત્રોમાં કૅરિયર બનાવનારી મહિલાઓની જ વાત કરવી યોગ્ય નથી. આપણી માતાઓ ઉત્તમ મહિલા છે અને એણે ગૃહિણી બની સરસ દાખલા બેસાડ્યા છે. આવી ઉત્તમ મહિલાઓને આ લેખ સમર્પિત.

**ગુંદાલા**

**મો. ૯૩૨૪૨૨૦૪૬૫**

**શ્રી ક.વી.ઓ. સેવા સમાજનું**
**બિનધંધાદારી મુખપત્ર**

સ્થાપના : ૧૯૪૭ વર્ષ : ૭૮

# પગદંડી

અંક : ૦૧ એપ્રિલ ૨૦૨૫

**તંત્રી : અશ્વિન લક્ષ્મીબેન પોપટલાલ માલદે**

**સંકલન : CA સંજય ચંદનબેન વિસનજી છેડા**

મુદ્રક -પ્રકાશક : **શ્રી અશ્વિન પી. માલદે**

પ્રકાશન સ્થળ: શ્રી ક.વી.ઓ. દે. નવી મહાજન વાડી, ઉજે માળે,
૯૯/૧૦૧, કેશવજી નાયક રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૯.
ફોન નં : ૨૩૭૧ ૪૬૭૪
pagdandi.kvoss.org. - email:pagdandi@kvoss.org

ટાઈપસેટીંગ : **ધીરેન તારાબેન મુરજી ગાલા** (કોટડા(રોહા) - ફોર્ટ)
મોબાઈલ : ૯૮૩૩૫૪૧૦૪૦

મુદ્રણ સ્થાન : **મેઘાર્ટ કલર ક્રાફ્ટર્સ,**
૪૨, આઈડિયલ ઈન્ડ. એસ્ટેટ, સેનાપતિ બાપટ માર્ગ,
લોઅર પરેલ, મુંબઈ -૪૦૦૦૧૩. ફોન : ૨૪૯૨ ૧૯૬૪

**-: લવાજમ :-**

૧૦ વર્ષ : રૂા. ૧,૦૦૦/- છૂટક નકલ : રૂા. ૧૫/-

**ચેક/ડ્રાફ્ટ શ્રી ક.વી.ઓ. સેવા સમાજને નામે લખવા.**

આપના ઘરે, ક.વી.ઓ. સેવા સમાજનું માસિક મુખપત્ર પગદંડી ન આવતું હોય, તો ઉપર આપેલ ક્યૂઆર કોડ સ્કેન કરીને અથવા નીચે આપેલ લિંક પર ક્લિક કરી, આજે જ આપનું લવાજમ ભરો.

**cutt.ly/pagdandi**

# પ્રજાની શક્તિ



✻ ભાનુબેન નાનજી સાવલા ✻

પ્રજાશક્તિ એવો જાદૂઈ શબ્દ છે જે ઘણી વાર ચમત્કાર બતાવતો હોય છે. પ્રજાશક્તિ ઘણી વાર હતબલ થયેલા માણસમાં પ્રાણ પૂરે છે. આજે એવા એક સત્ય પ્રસંગની વાત કરવી છે જે પ્રજાની શક્તિને ઉજાગર કરે છે.

સૌરાષ્ટ્ર જનતા ગાડી સમયસર ઊપડી. સેકન્ડ એ.સી.ના અમારા કંપાર્ટમેન્ટના પ્રવાસીઓ પણ સીટ પર ગોઠવાઈ ગયા હતા. અમારી સામેની ઊભી હરોળમાં દિવ્યચક્ષુ દંપતી વાલજીભાઈ ને એમનાં પત્ની બેઠાં હતાં. એ રાજકોટની એક શાળામાં સંગીત શિક્ષક હતાં તેમ જ સંગીતના વર્ગો પણ ચલાવતાં, જેમાં મારી પુત્રી સંગીત શીખવા જતી હતી. અમે સહપ્રવાસી હતા. મેં સહજ વાતચીત કરી સહપ્રવાસનો આનંદ વ્યક્ત કર્યો. એટલામાં ટી.સી. ટિકિટ ચેક કરવા આવ્યો.

પંદરેક મિનિટ પછી બે હટ્ટાકટ્ટા યુવાનો સીટ નંબર શોધતા આવ્યા ને વાલજીભાઈનો સીટ નંબર જોઈ અટક્યા. તેમાંના એક જણે કહ્યું, ''આ રહ્યો આપણો સીટ નંબર.'' બીજાએ ટાપસી પુરાવતાં પુષ્ટિ આપતાં વાલજીભાઈને કહ્યું, ''ભાઈ તમે અમારી સીટ પર બેઠા છો. તમારે ખાલી કરવી પડશે. વાલજીભાઈ, ''ના ભાઈ! અમે બરાબર જ બેઠા છીએ, હમણાં જ ટી.સી. પણ ચેક કરી ગયો છે.'' ''પેલા ભાઈએ જરા આકરી ભાષામાં કહ્યું, ''એ હું કાંઈ ન જાણું, તમે સીટ ખાલી કરો'', કહીને એ વાંકા વળી વાલજીભાઈનો સામાન કાઢવાની પેરવીમાં પડ્યા. ક્યારનો આ બધો તમાશો જોઈ મને કોણ જાણે શું સૂઝ્યું કે હું વાલજીભાઈની સીટ પર વચ્ચે બેસી ગઈ ને પેલા ભાઈને કહ્યું, ''જરા તમારી ટિકિટ દેખાડશો?'' પેલાની છટકી, એણે કહ્યું, ''તમે કોણ?'' મેં તેની આંખમાં આંખ પરોવી કહ્યું, ''હું પ્રજા! ભારતની પ્રજા''. એ ગુસ્સામાં બોલ્યો, ''બેન, આ અમારો મામલો છે, તમે વચ્ચે ન પડશો, તમને ખબર નથી હું કોણ છું. ચાલ, જાડેજા એમનો સામાન ફેંકી દે.'' સાંભળીને મેં કહ્યું,''અચ્છા! ફેંકી બતાવો!'' પેલો મારી દ્રઢતા જોઈ જરા કૂણો પડતાં બોલ્યો, ''જુઓ બેન! હું બહુ મોટી વ્યક્તિનો પી.એ. છું, આ સીટ ટી.સી.એ મને આપી છે, એટલે એમણે ખાલી તો કરવી જ પડશે.''

મેં કહ્યું, ''ઓ! પી.એ. ભાઈ, તો તો કાયદા તમે પણ જાણતા જ હશો કે ભારત સરકારે જ દિવ્યાંગોને ખાસ દરજ્જો આપ્યો છે ને એમણે બે મહિના પહેલાં જ રિઝર્વેશન લીધું છે અને તમે તે સીટ તમારી કહો છો ને તમારી ટિકિટ પણ દેખાડતા નથી. દિવ્યાંગ સમજીને તમે તદ્દન અમાનવીય આચરણ કરો છો.'' જાડેજા : એ મને કાંઈ ખબર નથી. આ સીટ મને ટી.સી.એ જ ફાળવી છે.

હવે મને સમજાયું કે આ મિલીભગતનો કિસ્સો છે. મેં કહ્યું, ''તો બોલાવો ટી.સી.ને.''

દૂર ઊભેલા ટી.સી.એ આ રકઝક સાંભળીને પાસે આવી સીધા વાલજીભાઈને કહ્યું, ''ભાઈ! ચાલો, તમને બાજુના કંપાર્ટમેન્ટમાં સારી સીટ પર બેસાડી દઉં.'' હવે મારો પિત્તો ગયો. મેં કરડાકીથી કહ્યું, તમે એક દિવ્યાંગ વ્યક્તિને મદદ કરવાને બદલે સતાવી રહ્યા છો મિ. ભટ્ટ. આ પી.એ.એ કેટલા ખવડાવ્યા. ''મારા ખુલ્લા આક્ષેપથી એ છંછેડાયો ને ધમકી આપતાં બોલ્યો, ''બેન, આ તમને ભારે પડશે. તમે એક હોદ્દેદાર વ્યક્તિનું અપમાન કરી રહ્યા છો.''

આખી બોગીના પ્રવાસીઓ ટોળે વળીને આ ફારસ જોઈ રહ્યા હતા. મેં ટી.સી.ને કહ્યું, ''હશે મોટા હોદ્દેદાર, પણ અત્યારે તો એ ખુદાબક્ષ દેખાઈ રહ્યા છે ને તમે એક લાંચિયા નોકર. મને તમારો સીટ ચાર્ટ બતાવો, મારે આ સીટ કોને ફાળવાઈ છે તે જોવું છે.'' હવે ટી.સી. પણ ગભરાયો, એટલામાં ત્યાં બે રેલવેપોલીસે એન્ટ્રી લીધી. એમને મેં પાસે બોલાવી પેલાઓની હાજરીમાં જ કહ્યું, ''આ લોકોએ એક અંધ માણસની સતામણી કરી છે. એને કંઈ ન થાય એ જોવાની તમારી ફરજ છે ને કાયદાએ એમને સાથ આપવો જ રહ્યો. આ લોકોથી એમનું રક્ષણ કરજો.

વાત વધતા અમને અમારા સહપ્રવાસીઓનો પણ સાથ મળ્યો. એક પ્રવાસીએ કહ્યું, ''આને હું ઓળખું છું, એ કોઈના પી.એ. નથી, પણ બેન, તમે ભારે હિંમત બતાવી.''

આ બધું સાંભળીને ટી.સી. સાથે પેલા બંને જણ પણ પલાયન થઈ ગયા. વાલજીભાઈ તો ગળગળા જ થઈ ગયેલા. ખરેખર મારામાં તે દિવસે લક્ષ્મીબાઈનો આત્મા પ્રવેશી ગયેલો.

આ છે પ્રજાની શક્તિ એની શક્તિને કે સંગઠનને ઓછું આંકનાર જ માત થતા હોય છે.

રામાણિયા, ગોરેગામ,
મો. : ૭૪૦૦૪૮૦૨૨૪

# ગાલિબની ટકોર



પ્રિતુલ જયાલક્ષ્મી કાંતિલાલ શાહ

ઉર્દૂ શાયરીમાં ગાલિબનું નામ સુવર્ણ અક્ષરે લખોયેલું છે. ના જાણે કેટકેટલી ભાષામાં તેનું ભાષાંતર થયું હશે. દરેક ભાષાના વિદ્વાનો તેનાં ભાષાંતર કે ભાવાનુવાદ પર વાહવાહ પોકારી ઊઠ્યા છે. ચાલો આપણે પણ એ મહાન શાયરની શાયરીનો આપણી મીઠી ભાષામાં આસ્વાદ લઈએ.

सफीन: जब कि: किनारे पे: आ लगा गालिब!
खुदा से क्या सितम-ओ-जौरे नाखुदा किहये!
પુગી હોડી કિનારે ''ગાલિબ'' સાંગોપાગ પાર
રબ કે કુલા કઈ જે નાખવેજી ફરિયાદ ને તકરાર

જિંદગીના અંત સમયે જ્યારે પણ આપણે આપણા જીવતરનો હિસાબ માંડવા જઇએ ત્યારે આપણને કદાચ ખ્યાલ આવે કે આપણી બધી ઈચ્છાઓ પૂરી થઈ ગઈ છે. જીવન આપણે સુખરૂપ પસાર કર્યું છે. આપણી જીવનરૂપી નાવ એના કિનારા સુધી આવી પહોંચી છે. જીવનના બધા ઉતાર-ચડાવ સુખરૂપ પસાર કર્યા છે અને હવે કોઈ ઇચ્છા બાકી નથી રહી. પસાર કરેલી જિંદગી પર નજર કરીએ છીએ તો આપણને એવો અહેસાસ થાય છે કે બધું આપણી ઈચ્છા મુજબ થયું છે.

આ સમયે આપણે ઊંડાણપૂર્વક વિચાર કરીએ તો એમ લાગે કે અમુક બાબતો ઈચ્છા મુજબ થઈ નથી. ફરીફરીથી એ વાતનો અફસોસ આપણને થાય એવું બની શકે. હકીકત એ છે કે હવે એની ફરિયાદ ન કરવી જોઈએ, કારણકે એનો કોઈ અર્થ નથી.

ગાલિબ અહીં ખૂબ માર્મિક વાત કરે છે: જીવનરૂપી નાવને કપ્તાન (નાખુદા)રૂપી પ્રભુએ જ્યારે ભવસાગર પાર કરાવી હેમખેમ કિનારે પહોંચાડી દીધી છે, ત્યારે આ માર્ગમાં કેટકેટલાં વિઘ્નો આવ્યાં અને હેરાનગતિ થઈ એનાં રોદણાં ન રોવા જોઈએ. એની ફરિયાદનો હવે કોઈ અર્થ નથી. એ પણ પ્રભુની પાસે નાખુદા (પ્રભુની) ફરિયાદ!

આપણે જ્યારે માનવજન્મમાં જિંદગીરૂપી નૈયામાં સવાર થયા છીએ તેનો કપ્તાન એટલે ઈશ્વર. એના હાથમાં એનું સુકાન છે. મેં કર્યું મેં કર્યું, જે આપણી ભ્રમણા છે. હકીકતમાં ઈશ્વર, પ્રભુ, હજાર હાથવાળો, નિરંજન, નિરાકાર, ભગવાન જ બધી ચાવીઓ લઈને બેઠો છે. એની લીલા અમાપ ને અપાર છે. અગમની વાણી ગહન છે. એના સાચા જાણનારા મૌન હોય છે. અધૂરું જ્ઞાન ધરાવતા પોતાને મોટા વિદ્વાન માને છે. અધૂરો ઘડો છલકાય ગણો.

તમે ભવસાગર પાર કરવા તેના કિનારે પહોંચી જ ગયા છો એનો આનંદ માણો. ઈશ્વરનો આભાર માનો. ભૂતકાળને ભૂલી વર્તમાનનો ઉત્સવ ઊજવો. ભવિષ્ય પણ તમારા હાથમાં નથી, માટે આજને જ ભરપૂર જીવી લો.

મુન્દ્રા-વડોદરા



# સાહિત્ય-અમૃત

✲ આલેખન : ચંદ્રકાંત હિરબાઈ શિવજી નંદુ ✲

સાહિત્યની ઉત્તમ કૃતિઓના અંશો, કૃતિના આલેખનમાં પ્રવાહિતા જળવાઈ રહે
એ હેતુથી ટિપ્પણીઓ સાથે અત્રે આપવામાં આવેલ છે.
રેખાંકિત આકૃતિઓમાંનું લેખન 'આલેખક' દ્વારા કરાયેલ વિવરણ અને ટિપ્પણીઓ છે.
રેખાંકિત આકૃતિઓ બહારનું લેખન મૂળ કૃતિની પ્રતિકૃતિ છે.

| | | |
|---|---|---|
| પુસ્તક | : | રેવન્યૂ સ્ટૅમ્પ.<br>(અમૃતા પ્રીતમની આત્મકથા)<br>મૂળ હિન્દીમાં 'रसीदी टिकट' |
| લેખિકા | : | અમૃતા પ્રીતમ |
| અનુવાદ | : | જયા મહેતા |
| પ્રકાશક | : | અશોક પ્રકાશન, અમદાવાદ |
| પ્રકાશન વર્ષ | : | ૧૯૮૦- પુનઃમુદ્રણ - ૧૯૮૩ |

*ગતાંકથી આગળ...*

*અમૃતાની ઓજસ્વિતા, એ સમયના એના કેટલાક સમકાલીનો માટે ઈર્ષ્યાનું કારણ બની રહે છે. સામાન્યપણે આવું બનતું હોય છે. આ માનવસ્વભાવનું લક્ષણ છે. અમૃતા તરફ આવા સમકાલીનોએ કાદવ ઉછાળવાના પ્રયાસ કર્યા. આવી કાદવઉછાળ વૃત્તિથી અમૃતા ઉદાસીનતા અનુભવી રહી હતી. એ વખતે એણે એક કવિતા લખી 'અલવિદા'*

*''ખુદા તારી નજમ જેટલી તને જિંદગી આપે!*
*હું એ નજમનો મિસરા નથી.*
*............................*
*પણ નજમ, આ જગતમાં સલામત રહે*
*અને ખુદા તારી નજમ જેટલી તને જિંદગી આપે''.*

*અને પછી કહે છે:*

નજમ જેવી ધરતી સલામત રહે, પંજાબ સલામત રહે. મારી તમન્ના કેવળ ચુપચાપ એમાંથી નીકળી જવાની છે, એટલે આ 'અલવિદા' નજમ લખી છે.

*ફિનિક્સ પક્ષી બળીને ફરી પોતાની રાખમાંથી પુનઃજીવીત થાય છે, એ જ પ્રમાણે કેટલીક મનુષ્યજાતિ પાસે દરેક વિનાશમાંથી પસાર થઈ પોતાની ઓળખ જાળવી રાખવાની શક્તિ છે. એ જાતિએ પોતાની ઓળખ ફિનિશિયન જાતિ તરીકે ઊભી કરી છે.*

*અમૃતા કહે છે, કે ફિનિશિયન જાતિને એ કકનૂસી નસ્લ કહે છે અને પછી એવા લેખકો જે પોતાના લેખન સાથે સદા ઉન્મત રહે છે એવા સાચા લેખકોનો ઉલ્લેખ કરતાં કહે છે :*

દુનિયાના બધા સાચા લેખકો મને કકનૂસી નસ્લના લાગે છે, રચનાત્મક ક્રિયાની આગમાં બળતા અને પાછા પોતાની રાખમાંથી રચનાના રૂપમાં જન્મ લેતા.

*એક સાચા સર્જકના આંતરમનમાં જે કશુંક ગોપિત હોય છે એ ગોપિત એના સર્જનમાં શબ્દરૂપે વ્યક્ત થતું હોય છે. આની પાછળ કોઈક એવી ઘટના કે પ્રસંગ હોય છે જે અનાયાસ એના સર્જનમાં દેખાય છે. અમૃતાના કાવ્યસર્જનમાં સૂરજ એ જ પ્રમાણે આવે છે. ઘણાં વર્ષો પહેલાં અમૃતા એના એક લેખ ''સૂરજ ઔર જાડા'' માં લખે છે:*

'સૂરજના ડૂબવાથી મારું કંઈક રોજ ડૂબી જાય છે અને એના ફરીથી આકાશમાં ચડવા સાથે જ મારું કંઈક રોજ આકાશમાં ચડી જાય છે. રાત મારે માટે હંમેશાં અંધારાની એક ચિનાબ જેવી રહી છે, જેને રોજ એટલા માટે તરીને પાર કરવાની હોય છે કે એને પેલે પાર સૂરજ છે.'

*અમૃતા નાની બાળકી હતી ત્યારથી 'સૂરજ' એના મનોવિશ્વમાં વિસ્મય બની રહેલ છે. અમૃતા કહે છે:*

બહુ નાની હતી ત્યારે સૂરજના ડૂબવાના સમયે અચાનક રડવા માંડતી હતી. મા ક્યારેક વહાલ કરતી, ક્યારેક વઢતી અને ક્યારેક મને થાબડીને સુવાડતાં કહેતીઃ 'બસ, આંખો મીંચ, સૂરજ આવ્યો.' હું એને રોજ પ્રશ્ન પૂછતીઃ 'પણ સૂરજ ડૂબ્યો શા માટે ?'

*સૂરજનો ઉલ્લેખ અમૃતાની કવિતાઓમાં વારંવાર આવે છે. ૧૯૪૭માં દેશના ભાગલા પડ્યા એ વખતે જબરજસ્તીથી ઉઠાવીને લાવવામાં આવેલી સ્ત્રીઓની કૂખે જન્મેલાં લાચાર બાળકોને અનુલક્ષીને એક કવિતા લખી હતી. સૂરજ એ કવિતામાં ક્યા સ્વરૂપે આવે છે ?*

હું એ ધિક્કારું છું, જે ઇન્સાન પર વરસી રહ્યો છે.
જ્યારે તારાઓ તૂટી રહ્યા'તા
અને સૂરજ બુઝાઈ ગયો' તો
એ વખતની હું પેદાશ છું.

*૧૯૫૩માં એક કવિતા લખી હતી જેમાં સૂરજનું વર્ણન કેવું ઉષ્માભર્યું છે!*

ચંદ્રમાથીય શ્વેત શરીર પૃથ્વીનું
બધાં કિરણો સૂરજમાંથી કિરમજી રંગ વહી લાગ્યાં
અમે સૂરજને ઘોળીને ધરતીને રંગ આપ્યો
ક્યા આકાશને ઢંઢોળીને પૂર્વ દિશા કંઈક પામી છે
જાણે કે હાથમાં કેસર ઘોળેલા દૂધનો કટોરો.
સૂરજે આજે મેંદી મૂકી -
હથેળીઓ પર આજ બંને નસીબ રંગાઈ ગયાં.

*અહીં ઉષ્માભર્યો સૂરજ છે, આનંદ છે, ઉન્મેષ છે. પરંતુ પછીની કવિતાઓમાં ઉદાસીનતા અને ગમગીની વ્યાપ્ત થતી જણાય છે.*

પશ્ચિમમાં લહર ઊઠી, સૂરજની નાવ ડોલી ગઈ
ગઠરિયાં ઉઠાવીને હવે સાંજ અમારી તરફ આવી રહી છે.

..............................................................
............................................................

ઘોર કાળાશ પ્રાણોને લપેટાઈ રહી-
જાણે વરસોની દિવેટથી રોશની વિખૂટી રહી.

પૂર્વથી આંધી ઊઠી, આકાશ પર છવાઈ ગઈ
અને ચડતા સૂરજને જાણે એણે પીંજી નાખ્યો
સુરજ સરકડા જેવો, કાળી લાંબી સફર કરતો

...........................................................
.........................................................

દિલની નાજુક આંગળીઓમાં
કિરણોએ સોય ખોસી જે આરપાર નીકળી ગઈ -
યાદનો આ દાવાનળ!
લાખ પટને બચાવ્યા, પણ કિનારો સ્પર્શી ગયો.

આજે ચાંદ-સૂરજ પ્રાણોનો વેપાર કરે છે.
આજે અજવાળાથી ભર્યા હાંડા બંને ઊલટાવે છે.
તો અમને કેમ તારો ઉંબરો યાદ આવી ગયો.
આજે લાખો વિચારો પગથિયાં ચડે-ઊતરે છે.

જિંદગીનાં દ્વાર બંધ ન કરો, ચાલવાનું હજી ઘણું બાકી છે.
હજી ધરતી સૂરજની પીઠી અંગો પર ચોળી રહી છે.
નીંદરના હોઠેથી જાણે સપનાંની મહેક આવે છે.
પહેલું કિરણ રાતના માથા પર તિલક લગાવે છે.
અફસોસના ધાગાઓ જોડીને સાળુ જેવું વણીએ છીએ.
વિરહના હીબકામાં પણ અમે શહનાઈ સાંભળીએ છીએ.

*કવિતાની આ પંક્તિઓમાં ઉદાસી છે, ગમગીની છે, જાણે થંભી ગયેલા પવને સાંજને ચૂપ કરી દીધી છે. સાંજની આ ચુપકીમાં સૂરજ અવાક્ થઈને ધીરેથી ડગ માંડી રહ્યો છે.*

*અને આ ગમગીની વધુ ઘટ્ટ થતી જાય છે. જુઓ આ પંક્તિઓ :*

સૂરજનું વૃક્ષ ઊભું હતું, કિરણોને કોઈએ તોડી લીધાં અને
અને ચાંદનો ગોટો આકાશેથી ઊખેડી લીધો.

સૂરજનો ઘોડો હણહણ્યો, રોશનીની કાઠી પડી ગઈ,
જિંદગીની મજલ કાપતાં કાપતાં ધરતીનો પથિક રડી ઊઠ્યો.

આકાશના આલયમાં સૂરજ પેટાવીને મૂકી દઉં
પણ મનને ઊંચે ટોડલે દીવો કેમ રાખું.

આંખો પર ધુમ્મસનો પડદો લઈને, કોની પગધૂલિ ચૂમવા,
સૂરજની પરિક્રમા કરાતી, ઊભી રહી ગઈ ધરતી.
નજરના આસમાનથી સૂરજ ક્યાંક ચાલી નીકળ્યો છે,
પણ ચાંદમાં હજીય એની ખુશબો મહેકે છે.
સૂરજે કંઈક ગભરાઈને આજે
રોશનીની એક બારી ખોલી
વાદળની એક બારી બંધ કરી
અને અંધારાનાં પગથિયાં ઊતરી ગયો.
આકાશ એક આશક, હતાશ જેવો બેસીને ધુમ્મસનો હુક્કો પીએ
અને સૂરજના કોલસાથી રેખાઓ ખેંચતો, કોઈકની રાહ જુએ.
આજ પૂર્વની ખાટ ખાલી છે, સવાર હીંચવા ન આવી
બાવરું આકાશ એને ધરતીની ખાઈમાં શોધી રહ્યું.

*સૂરજના આગમન સાથે જિંદગીનાં પગરણ મંડાય છે અને અંતમાં ફરી જિંદગી સૂરજ તરફ પાછી ફરે છે. જુઓ આ પંક્તિઓ :*

દિલના જળમાં લહર ઊઠી, લહરના પગથી સફર બંધાયેલી,
આજે કિરણો અમને બોલાવવા આવ્યાં, ચાલો હવે
સૂરજને ઘરે જવાનું છે.

*યુદ્ધથી મુક્તિ પછી ધરતીની આકાંક્ષા આ કવિતામાં અવતરી છે.*

ધરતીએ આજ પુછાવ્યું છે,
ભવિષ્યનું હાલરડું કોણ લખશે ?
કહે છે - એક આશા કિરણોની કૂખમાં આવી છે.
પૂર્વ દિશાએ એક પારણું બાંધ્યું, વંશપરંપરાનું વિશાળ એક પારણું
સાંભળ્યું છે સૂરજ રાતના ગર્ભમાં છે.
અરજ કરે ધરતીની દાયણ,
રાત કદીય વાંઝણી ન હો, વેદના કદીય વાંઝણી ન હો.

*સૂરજ તો અમૃતાની કવિતામાં આવે જ આવે.*

મને એ સમય યાદ છે
જ્યારે તડકાનો એક ટુકડો, સૂરજની આંગળી પકડીને
અંધારાનો મેળો જોતો, ભીડમાં ખોવાઈ ગયો.

***અમૃતાની કવિતામાં સૂરજ સતત ઉન્મેષ પામે છે, સૂરજ તડકો લઈને આવે છે, એનો પ્રખર તાપ દઝાડે છે, પ્રજાળે છે અને એ જ તડકો ઉષ્માભર્યો થઈ હૂંફાળા આલિંગનમાં જકડી લે છે. સૂરજ હજારો આશાઓનાં કિરણો લાવે છે અને ફરી રાતનો કાળો કામળો ઓઢી ધીરેથી પર્વતનો ઢાળ ઊતરી અલોપ થઈ જાય છે. આવતી કાલે ફરી પાછા આવવાનું વચન દઈને.***

***'અલવિદા' હું પાછો આવીશને.***

***એનું વચન તો અફર છે.***

*ચાલો હવે -*

*(ક્રમશઃ)*

સંપર્ક : ૯૩૨૩૫ ૪૧૩૫૧

કચ્છ - બાડા

# પ્રતિભાવ - પ્રતિસાદ

**આ વિભાગમાં છપાયેલ પત્રો સાથે તંત્રીઓ સહમત છે એમ માનવું નહીં - તંત્રીઓ**

## ''ભજ પઈ'' લેખ

''ભજ પઈ'' લેખ વાંચીને મને મારું બાળપણ યાદ આવી ગયું ત્યારે હું દસ વરસનો હતો. તે વખતે આપણા મોટા ભાગના કચ્છી પરિવારો ભાતબજાર-ચીંચબંદરમાં રહેતા હતા.

મારી બાને નળનું પાણી સદતું ન હોવાથી અમે ઘાટકોપર જીવદયા લેનમાં આવેલ રામ ભુવનમાં નીચે કોર્નરની રૂમમાં રહેતા હતા. અમારા મકાનની સામેની પાંજરાપોળમાં મોટો કૂવો હતો તેમાંથી અમે બા માટે પાણી મંગાવતા હતા.

એ વખતે મુંબઈ દ્વિભાષી રાજ્ય હતું. પણ પછી ગુજરાત - મહારાષ્ટ્ર અલગ કરવાની ચર્ચા ચાલુ થઈ હતી. એથી મરાઠી લોકોએ મુંબઈ આમચી આહેની ચળવળ ચાલુ કરી હતી. એમાં પાછળથી ગુંડા તત્વો જોડાતાં એ ચળવળથી કચ્છી-ગુજરાતીઓને લૂંટીને મુંબઈથી હાંકી કાઢવાના હિંસક આંદોલનમાં ફેરવાઈ ગઈ હતી. લોકો ડરના માર્યા ટ્રેનોમાં ઘેટાબકરાની જેમ પુરાઈને પોતાના વતન તરફ ભાગી રહ્યા હતા. આમ ''ભજ'' ચાલુ થઈ ગઈ હતી.

તે વખતે કુર્લા-ઘાટકોપર વચ્ચે વિદ્યાવિહાર સ્ટેશન ન હતું. તોફાની તત્વોએ કુર્લા-ઘાટકોપર વચ્ચેના પાટા તોડી નાખ્યા હતા. એટલે કુર્લાથી ઘાટકોપર પગે આવવું પડતું હતું. રસ્તામાં મવાલીઓ કચ્છી ગુજરાતીને મારીને લૂંટતા હતા. અમારી ઉપર રહેતા સુંદરજીમામા કુર્લાથી પગે આવતા હતા ત્યારે મવાલીઓ એ તેમને મારીને તેમના ગળામાંથી સોનાની ચેન તથા ખીસ્સામાંથી રોકડ રકમ લૂંટી લીધી હતી. પોલીસ એમનો બચાવ કરવાના બદલે હસી રહી હતી.

સુંદરજીમામા ઘરે પહોંચ્યા ત્યારે એકદમ ગભરાઈ ગયેલા હાલતમાં હતા. એમની વાતો સાંભળીને બીલ્ડીંગના બધા લોકોને પાછળ ડુંગર ઉપર ઝુંપડપટ્ટીમાં રહેતા લોકોનો ભય લાગવા લાગ્યો હતો. અને ખરેખર એ ભય સાચો પડ્યો. બીજે દિવસે

એ લોકોએ શેઠનું કારખાનુ સળગાવી દીધુ હતું. હવે મકાનને લૂંટવા આવશે એમ સમજી, બીલ્ડીંગના બધા લોકો પહેરલે કપડે બહાર આવી ગયા હતા અને દૂર આવેલી પોલીસચોકી તરફ ચાલવા લાગ્યા હતા. મારા નાના ભાઈ નવીનનો જન્મ થવાને હજી બે-અઢી મહિનાની વાર હતી. ડોકટરે બાને આરામ કરવાનું કહ્યું હતુ. પણ શું થાય? અમે મહામુશ્કેલીએ પોલીસચોકી સુધી પહોંચ્યા હતા. એ દિવસ યાદ કરું છુ તો હજી પણ ધ્રુજારી છૂટી જાય છે.

એ પછી અમને બધાને એક બાજુની બીલ્ડીંગના મોટા રૂમમાં સગવડ કરી આપવામાં આવી હતી. બધા બેઠા હતા ત્યારે અમારી ઉપર રહેતા ગંગામાસીને અચાનક યાદ આવ્યું કે એમનો સોનાનો ડાબલો ઘર માં રહી ગયો છે એમણે બધા માણસોને વિનંતી કરી કે કોઈ એક જણ મારી સાથે ચાલો તો હું મારો ડાબલો લઈ આવુ. પણ કોઈની હિંમત ચાલી નહી. ત્યારે ગુસ્સો થયેલા ગંગામાસી એ બધાને ફીટકાર આપતા કહ્યું કે તમે એક બાઈ માણસ ને મદદ કરવા નથી આવતા. શું તમે ભાયડાઓ એ હાથમાં બંગડીઓ પહેરી છે? આ સાંભળીને મારા બાપુજીનું કચ્છી ખમીર જાગી ગયુ. એમણે ગંગામાસી ને કહ્યુ ચાલો બાઈ હું તમારી સાથે આવુ છું. એમને પાછા આવતા વાર લાગી એટલે બધાના જીવ ઉંચાનીચા થવા લાગ્યા હતા. મારી બા તો રડવા જ લાગ્યાં હતાં. આખરે બને જણ પાછા આવતા દેખાયા ત્યારે બધાના જીવ હેઠે બેઠા.

એ વખતે આપણા સદ્ભાગ્યે મોરારજી દેસાઈ ચીફ મીનીસ્ટીર હતા. લોકલ પોલીસની નિષ્ક્રિયતા જોઈ એમણે કાઠીયાવાડથી પોલીસ બોલાવી હતી. અને સૂટ એટ સાઈટનો ઓર્ડર આપ્યા હતો. પોલીસ ફાયરીંગના કારણે ૫૦-૧૦૦ મવાલીઓ માર્યા ગયા હતા. પણ મુંબઈ આખુ કાઠીયાવાડી પોલીસના કારણે કાબુમાં આવી ગયુ હતું. લૂટફાટ સદંતર બંધ થઈ ગઈ હતી. જે ઠેકાણે અસલામતી હતી ત્યાં કાઠીયાવાડી પોલીસ ની ટૂકડી મૂકવામાં આવી હતી. અમારી બિલ્ડીંગમાં પણ પોલીસની એક ટૂકડી મૂકી હતી.

આ આમચી મુંબઈ વિષે વિચાર કરું છુ કે મોરારજી દેસાઈ ન હોત તો આપણુ શું થાત? મોટા ભાગ ના લોકોને મુંબઈ છોડી ભાગવુ પડયું હોત.

વધારે ખેદની વાત તો એ છે કે તે સમયે આપણાને બચાવનારા શ્રી મોરારજી દેસાઈ નું આખા મુંબઈ માં ક્યાંયે નાનુ મોટુ સ્મારક જોવા મળતુ નથી.

હમણા સરકારમાં નરેન્દ્રી મોદી અને અમિત શાહ હોવાથી અત્યારે આપણા આગેવાનો પ્રયત્ન કરે તો મોરારાજી ભાઈના નામે સ્મારક બનાવી એમનુ ઋણ અદા કરી શકીએ.

**લાલજી કુંવરબેન ધનજી શેઠિયા**
લાખાપર, હાલે નાગપુર
મો. ૯૮૩૪૦૩૩૦૮૨

---

## પગદંડી માર્ચ ૨૦૨૫ અંક

પગદંડીના માર્ચ ૨૦૨૫ના અંકમાં શ્રી વસંતભાઈના લેખ 'ગોદીના ધડાકા'માં ૧૪-૦૪-૧૯૪૪માં ગોદીના ધડાકાની જાણકારી વિસ્તાર અને આંકડા સાથે આપી છે. આ હકીકત લગભગ કોઈને ખબર નહીં હોય.

૧૪ એપ્રિલની તારીખ આપણે ડૉક્ટર આંબેડકરની જયંતી માટે જાણીએ છીએ.

ખરેખર આવી જાણકારી પ્રકાશિત કરી સહુ માટે જાણવા મળ્યું. આપણા સમાજની આજની પેઢી માટે પ્રેરણા દાયક છે.

એક વાર ફરી વસંતભાઈને અભિનંદન.

**મનસુખલાલ પાનબાઈ રતનશી કક્કા,**
ગામ બેરાજા હાલે બેતુલ, મધ્યપ્રદેશ.
મો. ૦૯૪૦૬૯૨૬૩૦૨

**The Editorial - "What is in a Name"**

I do fully agree and there is no doubt at all to say that the Societies in the World are Male dominated ones since centuries and centuries .

Will take more time for its dilution.

Since half a century the Women are on empowerment, but still taking time to get the proper space .

Since years I am pleading to invite Women to our AGMs so that they can understand what's going on and can contribute their views and work too.

When they can run the Home, why not Samaj.

I do fully agree to add mother's name in full name to create an identity and give Her gesture for the Role she has played.

And it will be fully possible only if a Law is passed in the Parliament to add the Name of the Mother.

But to do this , do the politicians have time and wish . I doubt .

Well as said by you

Jyarthi Jagya Tyar thi Savar.. efforts must go on and on..

**Harakh Panbai Bhawanjee Gosar,**
Manjal Reladia , Kolkata
Mob. : 98300-51966

## પગદંડીને પત્ર, લેખ અને લેખના પ્રતિભાવ લખનારાઓને નમ્ર વિનંતી.

a આપ આપના અપ્રગટ લેખ, પ્રતિભાવ, પત્ર વગેરે. pagdandi@kvoss.org પર ઈમેઇલ કરી શકો છો.

a જો ઈમેઇલ શક્ય ન હોય તો પંગદંડીના ચિંચબંદર કાર્યાલય પર પોસ્ટ કે કુરિયર કરી શકો છો.

a આપના અપ્રગટ લેખ, કવિતા, પત્ર વગેરે, સારા અક્ષરોમાં, પાનાની ચારે બાજુ યોગ્ય માર્જિન છોડીને પાનાની એક બાજુ જ લખવા વિનંતી.

a પહેલા પાના પર આપનું નામ, ગામ, મોબાઈલ નંબર અને ઈમેઇલ આઇડી (મોબાઈલ અને ઈમેઇલ જો આપ છપાવવા માંગતા હો તો જ) લખવા વિનંતી. આપ જો આપનો ફોટો છાપવા માંગતા હો તો નાનકડો પાસપોર્ટ સાઈઝ ફોટો (ફોટો પાછળ નામ સાથે) મોકલવા વિનંતી.

a આપની કૃતિ મૌલિક હોવી જોઈએ અને અન્ય ક્યાંય પબ્લિશ/પ્રસિદ્ધ ના થઈ હોય એ જરૂરી.

a પહેલા પાના પર કુલ કેટલાં પાનાં છે એ લખવા વિનંતી, જેથી કોઈ પાનું મોકલવાનું રહી જાય તો અમે તરત જ આપનું ધ્યાન દોરી શકીએ.

a PDF કૉપી મોકલો તો સાથે વર્ડની સોફ્ટ કૉપી મોકલવા વિનંતી.

a વ્યાકરણ તેમ જ ભાષાનું ઔચિત્ય જળવાઈ રહે એવી કૃતિઓનો જ સ્વીકાર થશે.

a અનિવાર્ય સંજોગોમાં લેખના ફોટો મોકલી શકો, પણ એ ફોટા ક્લિયર અને સારી રીતે ક્રોપ કરેલા હોવા જોઈએ.

a આપનો પત્ર મળશે એટલે એ મળ્યાની પહોંચ આપને આપવા યથાયોગ્ય પ્રયત્ન કરવામાં આવશે, પણ એ છપાય અને તરત જ છપાય, એવો આગ્રહ ના સેવશો.

a આપના લેખ, વગેરે મહિનાની પંદર તારીખ સુધી મળશે તો જ આગામી મહિનાના પગદંડીમાં લેવામાં આવશે. એ પછી મળતા લેખ, એના પછીના મહિનામાં લેવા યત્ન કરાશે.

a એકસાથે એકથી વધારે પત્ર ના મોકલશો, જેથી અમે વધુ ને વધુ વાચક અને ભાવકને આવરી શકીએ.

# ઊર્મિલહર



સંપાદક : વિશન પાનબાઈ દેવરાજ નાગડા

વલા,

વાટ ગમે તિતરી લમી વે, પંધ વઢ્યૉ ત ખુટેવારી જ વે. પાં કાને-મંતર વિગર જેં કચ્છી શબ્દેંજી વાટ તે હલી હલી વરકતેં પુગાસીં. વરક ઈતરે ૧) પૃષ્ઠ, ૨) બદલો, ૩) સુધારો ને ૪) વરખ-સોના-રૂપાનું એક પાતળું આવરણ.

વરક, વરખ જે ઈગીયા હીર્યો શબ્દ ''વરગ''

૧) વરગ (પું) વર્ગ, સમૂહ; સામાન્ય સ્વરૂપ કે ધર્મવાળી વસ્તુ કે વ્યક્તિઓનો સમૂહ (m) group

(વાક્ય) બૉઈ ભા-ભેણ જો તાં વરગેં વૅર આય (અર્થાત્ બંનેનું જરા પણ બનતું નથી)

૨) વરચસ (પું) વર્ચસ; પ્રભુત્વ, (m) mastery, control

(વાક્ય) ઈનીજો ઈનીજે મહાજનમેં વરચસ બૉરો આય.

૩) વરણ (પું.) ફાયદો; પ્રાપ્તિ. (m) gain

(વાક્ય) જેંમેં પિંઢજો વરણ ન વે ઍડેં કમેં પુઠીયા પ્યા વૉ, ત પુઠીયા આકાય ભુખ મરે.

**પનપટી** - પાં 'વરગ' શબ્દ તે વિચાર કરી યાં અયૂં ત ઈનતેં જ જિરા ઊનૂં વિચારીયૂંત?

'વરગેં વૅર' ઈ હિકડો કચ્છીમેં ઑઠો આય. ઈ પરાપૂર્વથી હલ્યો અચે તો. વરગેં વૅર જો પ્રખ્યાત ઉદાહરણ આય. 'મિની ને કુતો' કુતો મિની કે ડિસે તે ઈનકે ખાર વિઞે, ઉનકે ખાઈ વિઞે જો ક બ્યો કીં ન ત ફાંફોડે જો મન થીયે જ.

હિકડો રૂઢિપ્રયોગ આય, આખીયૂં વિડણ્યૂં - ઈતરે હિકડે બે કે ડિસંધે વેરભાવ થીણૂં કુતે-મિની જો ઍડો આય. ઘરમેં ક કુટમ-પરિવારમેં ભેરીયૂં રોંધલ વ્યક્તિયૂં કારણ વિગર વિડે જો જ કઈધ્યું વેં તૅર ઈં ચૉવાજે ત ઈનીજો તાં વરગેં-વૅર આય! બાયોલૉજિકલ ઝઘડો!

આં વટે 'વરગ' જો કો અડથ વે ત જાધ કરાઈજા. ૯૮૨૦૪૫૬૮૯૯

**- આંજો વિશન**

---

પાયણ પાયણ મેં કિતરો ફેર,
ભાવ પ્રમાણો ભેટાજે;
હિકડે પાયણ તેં નાઈયર ચડેં,
બેઓ પાયણ પેઓ પિટાજે!

## 'પ્રભુને ફરિયાદ કેસૂડાંનાં ફૂલની!'

માળીના હાથે અમે ના ચૂટાણાં,
નારીના વેણીમાં પણ અમે ના ગૂથાણાં.
આ કેવાં ફૂલો ! અમે સુગંધ વિહોણાં,
કે પ્રભુ તારા પગથિયે પણ અમે ના પૂજાણાં!

હોળીનો રંગ બની અમે તો ઘૂટાણાં,
ગામના પાળિયા જે અમે તો ચૂથાણાં.
કેસૂડાંનાં ફૂલો પ્રભુ કેસરિયાં કરશું ?
કે કેમ અમારા આયખા આમ જ લૂટાણાં ?

**પ્રવીણ જવેરબેન દામજી ગોગરી (પ્રેમ) - દહીંસર**
**ફોન : ૨૮૯૫ ૩૪૫૯**

---

## કથાકાર

કથાકાર ઍડો રસભર બોલેં કથા મેં,
જે સુણધલે કે પાણી પાણી કરીએંતા;
કથાકારેં મેં ઈ એ હિકડી કલા આય 'તેજ',
કૅડી વાણી કે વિકણી ને કમાણી કરીએંતા.

❂❂❂

જુકો સંસ્થા જો ખાઈ બુજેં,
ઈ સરીર મેં સુઠા વેંતા;
'તેજ' વાંધો ઈનીમેં ઈ વડૉ-
જે બુધ્ધી મેં બુઠા વેંતા!

❂❂❂

ડોલી સેં તાં ભલેં ડાડે જા ડસણ કરીએં 'તેજ'
ધકા ડીંધલ રખીને પણ ડુંગર ઘણે ચડેંતા...!

❂❂❂

હેત પ્રેમ જા ઓછવ કૅણા ઓખા ઐં 'તેજ'
પાયણે જી પ્રતિષ્ઠા મેં તાં પાં-પધરાજ ઐંઈયું!!

**કવિ 'તેજ'**

## ખમી ખેણું

સેવાભાવી ભની કમ નમી કેણું
સંબંધેજી મહાભારત મેં ખમી ખેણું...

જીયણ અચે જ પનખર જી મુંધ
ત ખરી ને પાછો ખિલણું
ખમી ખેણું...

રાત-વરાત કરેં જ કૉ ગુજા ઘા
ત ગરી ને ગુગર થીણું
ખમી ખેણું...

સામે વારો થિએ જ આગ
ત ઠરી ને ઠિકર થીણું
ખમી ખેણું...

સચ જી વાટ જલી રખણી
હિકડૉ ટરી બ્યો ન થીણું
ખમી ખેણું...

જીયણ મેં અચૅ ઑખી-સૉખી
ધરીયો તરી ને પાર થીણું
ખમી ખેણું...

જડે માયતર વિને હરોરી
પાપા જી પરી ભની વિનણું
ખમી ખેણું...

કડેં જ કેંજો ધિલ ડુભાયો વૅ ત
'હિના' છમછરી જે ડીં ખમાય ગિઝણું
ખમી ખેણું...

**- હિના ભેદા... 'હિના'**
કપાયા

## પણ

હથોડા હણો નિઇં જુરાં પણ,
હરેં કો છિબેં હથ, ભુરાં પણ.

સડા હેકલો થિઇ ફિરાં પણ,
ડિસાં હેજ ને હુંભ, ભિરાં પણ.

'વરાં નિઇં કડેં ઘર!' ભલેં ચ્યો,
અચે જાધ જીજલ વરાં પણ.

વડા થ્યોં છતાં કીં ભુલાજે?
ડિઠે વડવડાઈ ટિરાં પણ.

ભલેં ચેં: 'બુડંધો નિકી ઈ.'
લિખલ વેં જ બાજર, તરાં પણ.

રખણ જાધ નીરી મિણી વટ,
ખિલલ ભરવસંતે ખિરાં પણ.

ઊનારેય ગંગા વુડાયણ,
અડીખમ હિમાલય ગરાં પણ.

ગઝલજી સમજ નં, ઠલી'વા!'
'તિમિર' ઇન સભામ્યાં સિરાં પણ.

**રવિ પેથાણી 'તિમિર'**

## ક્ષણો

ખરી પડવા જ સર્જાતી ગઈ ક્ષણો,
મરી પડવાની મોજ લૂંટતી ગઈ ક્ષણો.

ચાહું જીવનને જેમ ચાહું પ્રભુને,
ચાહતમાં ન કદી ખૂટતી ગઈ ક્ષણો.

હતા સાવધ તોય અંતરાય થયા ઊભા,
છતાંય ખુશીથી ઝીલાતી ગઈ ક્ષણો.

કોઈક વાર રાઈનો પહાડ સર્જતી,
ઉકેલમાં નાકે દમ આણતી ગઈ ક્ષણો.

ક્ષણોને કરી અન્યો પર નિછાવર,
કોકે યાદ રાખી કોકથી ભૂંસાતી ગઈ ક્ષણો.

રાજીપો, ક્ષણોએ સમજાવી જિંદગીને,
'ભદ્રા' હવે વર્તમાનમાં રહેતી થઈ ક્ષણો.

**ભાનુબેન સાવલા 'ભદ્રા'**

---

## આવી વસંત

સૃષ્ટિના માંડવડે રૂમઝૂમ પગલે, થયું આગમન! આવી વસંત,
બેઠી કોયલ આંબા ડાળે, છડી પોકારે સાવધાન! આવી વસંત.
થયું નવપલ્લવિત જીવન, ઉમટ્યો ઉમંગ, કણકણ મ્હાલે,
લચી પડ્યાં વૃક્ષો ફળ ફૂલ, ઝૂલે, ડોલે વનઉપવન, આવી વસંત.
કેસરિયા સાજ સજી નૃત્ય કરે તા થૈ તા થૈ ધરા વધાવે,
ફૂલે ફૂલે ભ્રમણ કરે ભ્રમર, પતંગિયા ગાય મીઠાં ગાન, આવી વસંત.
વિરહ મન પીયુનેં ઝંખે, રમતો સંતાકૂકડી,
વિહ્ળ થૈં ગોતે સાંવરિયો, જગાડે મીઠાં સ્પંદન, આવી વસંત.
શ્વેત વસ્ત્ર, હંસ પર વિરાજી મા શારદા પ્રગટે વસંત પંચમી,
નિત ઊઠી સમરે 'કુસુમ', વસજો કલમ કોટી વંદન, આવી વસંત.

કુસુમ ગાલા... 'કુસુમ' ભોજાય.

# શ્રી ક.વી.ઓ. સેવા સમાજ
## અપડેટ

તા. ૧ જાન્યુઆરી, ૨૦૨૫ થી ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૫ (માનદ મંત્રીઓ)

D **વૈદ્યકીય રાહત યોજના:**

તા. ૨૦ જાન્યુઆરી, ૨૭ ફેબ્રુઆરીના રોજ મળેલ મિટિંગમાં તલવાણા, પુનડી (૨), કોકલિયા, ભુજપુર (૨), ગોધરા નાની ખાખર (૨) , મોટી ખાખર (૩), સાડાઉ, દેશલપુર (૩), ડુમરા (૨), રાયધણજર, ડેપા, મોટી વરંડી, મેરાઉ, ભોરારા, મોટા આસંબિયા (૨), દેવપુર (૨), બિદડા (૩), રતાડિયા, ગણેશવાલા, ચૂનડી, ભોજાય, કપાયા (૩), મોટી રાયણ, છસરા (૨), નરેડી, મકડા, કોટડા રોહા ગામનાં કુલ ૪૨ જરૂરિયાતમંદ ભાઈ બહેનોને વૈદ્યકીય ખર્ચ પેઠે રૂા. ૧૦,૦૬,૫૦૦/-ની સહાય આપવામાં આવેલ.

D **બુકબૅન્ક કૉમ્પ્યુટર લોન :**

ગામ નવીનારના એક વિદ્યાર્થીને અભ્યાસ માટે રૂા. ૩૮,૦૦૦/- ની લોન લૅપટૉપ માટે આપવામાં આવેલ.

✤ **રહેઠાણ યોજના:**

તા.૧૧ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ મળેલ મિટિંગમાં ગામ ડોણ, પત્રી, મોટી ઉનડોઠ, મુંદ્રા, મેરાઉની કુલ ૫ વ્યક્તિઓને પોતીકા રહેઠાણ માટે રૂા. ૧૪,૫૦,૦૦૦/-ની લોન આપવામાં આવેલ.

✤ **સ્ત્રી-ઉત્કર્ષ યોજના :**

તા. ૨૧ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ મળેલ મિટિંગમાં ગામ ખારૂઆ અને કોટડા રોહાની કુલ ૨ બહેનોને ગૃહઉદ્યોગ વધારવા રૂા. ૧,૫૦,૦૦૦/-ની લોન આપવામાં આવેલ.

✤ **શૈક્ષણિક લોન યોજના :**

ભારતમાં રહીને ઉચ્ચ અભ્યાસાર્થે કુલ ૭ વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે રૂા. ૧૩,૨૦,૦૦૦/-ની લોન આપવામાં આવેલ.

✤ **શૈક્ષણિક સન્માન સમારંભ :**

શૈક્ષણિક સન્માન સમારંભ અને શ્રુત ગુણ ગૌરવ એવૉર્ડ કાર્યક્રમ રવિવાર, તા. ૧૬ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ ચીંચપોકલી મહાજનવાડી ખાતે યોજવામાં આવેલ.

શૈક્ષણિક સન્માનમાં કુલ ૧૧૭ વિદ્યાર્થીઓનું સન્માન ચાંદીનાં સિક્કા અને સર્ટિફીકેટ આપી કરવામાં આવેલ અને ૩૦ વિદ્યાર્થીઓને પારિતોષિક આપી શ્રુત-ગુણ ગૌરવ એવૉર્ડથી નવાજવામાં આવેલ.

સંપૂર્ણ કાર્યક્રમના પ્રાયોજક - શ્રી ખીમજી હેમરાજ છેડા મેમોરિયલ ટ્રસ્ટ, મુંબઈ- ૪૦૦૦૦૩ રહેલ.

✤ KVC (કચ્છી વૉલીબૉલ ચેમ્પિયનશિપ)

IPL ફૉર્મેટમાં આ ટૂર્નામેંટ રવિવારના ૨ અને ૯ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ માટુંગા બોર્ડિંગ (શિશુવન) સંચાલિત પેવેલિયન ગ્રાઉન્ડ ખાતે યોજાયેલ જેમાં કુલ ૧૨ ટીમો બનાવી રમાડવામાં આવેલ.

આ ટૂર્નામેન્ટના મુખ્ય પ્રાયોજક દાતા ગાલા સ્પ્રિંગ્સ (થાણા) રહેલ.

✤ **નવનીત કપ કચ્છી ક્રિકેટ ટૂર્નામેન્ટ**

આ વર્ષે ગામ ગ્રુપ (૪૦ ઓવર)ની ટૂર્નામેન્ટમાં કુલ ૨૭ ટીમ અને જનરલ ગ્રુપમાં ૩૮ ટીમે ભાગ લીધેલ.

ઉપરોક્ત ટૂર્નામેન્ટની સેમિ-ફાઈનલ સુધીની બધી મૅચો દાદર અને માટુંગા ગ્રાઉન્ડની પિચો પર યોજાઈ.

## અનુદાન - આભાર

**તા. ૧ જાન્યુઆરી ૨૦૨૫ થી તા. ૨૫ માર્ચ સુધી આવેલ અનુદાનની યાદી**

| | | |
|---|---|---|
| રૂા. | ૨૫,૦૦૦/- | તા. ૪ ફેબ્રુઆરી માટે ડૉ. રતિલાલ હીરજી વોરા (કુંદરોડી-મલાડ (ઈ))ના ૮૦મા જન્મદિન નિમિત્તે - વૈદ્યકીય સહાય |
| રૂા. | ૧૧,૦૦૦/- | શ્રી દિલેશ હેમંત દેઢિયા (દુર્ગાપુર - માટુંગા) બુકબૅન્ક |
| રૂા. | ૧૧,૦૦૦/- | તા. ૧૯ ફેબ્રુઆરી માટે શ્રી ખીમજી વીરજી છેડા (KV) (લાયજા - દાદર(ઈ))ના જન્મદિન નિમિત્તે શ્રીમતી મંજુલાબેન ખીમજી છેડા - વૈદ્યકીય સહાય |
| રૂા. | ૧૦,૦૦૦/- | શ્રી હરેશ કે. સંઘોઈ (રાજકોટ) મુખપૃષ્ઠ પગદંડી માટે |
| રૂા. | ૫,૦૦૦/- | તા. ૨૬ જાન્યુઆરીના શ્રીમતી ચંદનબેન મોરારજી વિસરિયા (ગઢશીશા - કિંગ સર્કલ)ના જન્મદિન નિમિત્તે |

**દાતાશ્રીઓનો આભાર.**

**મળેલ અનુદાન નિમિત્તે શ્રી ક.વી.ઓ. સેવા સમાજ દાતાશ્રીઓનો આભાર માને છે. સંસ્થાની સ્ત્રીઉત્કર્ષ, રહેઠાણ યોજના, વૈદ્યકીય સહાય, શૈક્ષણિક ફંડ જેવી વિવિધ પ્રવૃત્તિઓ માટે મળેલ અનુદાનમાં આયકર કલમ 80-G બાદ મળે છે.**

# પ્રાર્થના હૉલ - કવીઓ સમાજ - સને ૨૦૨૪

વર્ષો અગાઉ આપણા સમાજમાં કુટુંબના સભ્યના મરણ નિમિત્તે સાદડી પ્રથા હતી. ગુજરાતીમાં આ પ્રથાને બેસણું કહેવાય છે. સાદડી અને બેસણુંનો અર્થ એકસરખો થાય છે એટલે કે શેતરંજી અથવા પાથરણું. જેના ઘરે મરણ થયું હોય તેના ઘરે મૃતકના પરિવારને સાંત્વના આપવા સગાં-સંબંધી, હેતુસંતોષી જતા હતા. હવે આ પ્રથા લગભગ બધા સમાજમાં બંધ થઈ ગઈ છે અને તેના બદલે કોઈ પણ હૉલમાં પ્રાર્થના સભા રાખવામાં આવે છે. આ પ્રાર્થના સભાની પ્રથાથી આપણો સમાજ પરિચિત છે. શરૂઆતના સમયમાં પ્રાર્થના માટે દાદરમાં આવેલ શ્રી કરસન લધુ નિસર હૉલને લોકો પ્રાધાન્ય આપતા હતા. સમયના વહેણની સાથે સમાજમાં મોટી વયનાં લોકોના મરણના કિસ્સામાં 'પ્રાર્થના રાખેલ નથી'નું પ્રમાણ દિવસે દિવસે વધતું જાય છે. સને ૨૦૨૪ના વર્ષમાં લગભગ ૬૬ ટકા મરણ ખબરમાં પ્રાર્થના રાખેલ ન હતી. સમાજની પ્રતિષ્ઠિત વ્યક્તિઓ કે જેમનાં સગાં-સંબંધી અને મિત્ર વર્તુળનું પ્રમાણ મોટું હોય તો તેઓ પ્રાર્થના સભા માટે યોગી સભાગૃહને પ્રાધાન્ય આપતા થઈ ગયા છે. મોટા ભાગની પ્રાર્થના સભાઓ બપોરના સમયે હોય છે અને રેલવેના પ્રવાસમાં મુસાફરોનો ધસારો પણ હોય છે. આ તકલીફને નિવારવા મૃતકનો પરિવાર પોતાના રહેઠાણની આજુબાજુમાં આવેલ હૉલમાં પ્રાર્થના રાખતા થઈ ગયા છે.

સમાજના લાકોને ઉપયોગી થાય તે માટે આવા પ્રાર્થના હૉલની યાદી એરિયા પ્રમાણે નીચે મુજબ છે :

| ક્રમ | પ્રાર્થના હૉલનું નામ | એરિયા |
|---|---|---|
| ૦૧ | શ્રા વ. સ્થા. જૈન શ્રા. સંઘ, શ્રી કરસન લધુ નિસર હૉલ | દાદર વેસ્ટ |
| ૦૨ | યોગી સભાગૃહ, સ્વામિ નારાયણ મંદિર પાસે | દાદર ઈસ્ટ |
| ૦૩ | શ્રી હાલારી વીસા ઓસવાળ વાડી, દાદાસાહેબ ફાલકે રોડ | દાદર ઈસ્ટ |
| ૦૪ | ક્ષી કવીઓ સ્થાનકવાસી જૈન મહાજન વાડી, વૉલ્ટાસ સામે | ચિંચપોકલી |
| ૦૫ | શ્રી નારાણજી શામજી મહાજન વાડી | માટુંગા (સે.રે.) |
| ૦૬ | શ્રી રામજી અંદરજીની વાડી, રામવાડી | માટુંગા (સે.રે.) |
| ૦૭ | ક્ષી લખમશી નપુ હૉલ, ચંદાવરકર રોડ | માટુંગા (સે.રે.) |
| ૦૮ | માતુશ્રી વેલબાઈ સભાગૃહ | માટુંગા (સે.રે.) |
| ૦૯ | કચ્છી લુહાર વાડી, લક્ષ્મીનારાયણ લેન | માટુંગા (સે.રે.) |
| ૧૦ | શ્રી રવજી જીવરાજ ચાંગડાઈવાલા હૉલ, SNDT કૉલેજ | માટુંગા / કિંગસર્કલ |
| ૧૧ | શ્રી સુમતિનાથ ભ. જૈન દેરાસર, અરોરા સિનેમાની બાજુમાં | કિંગસર્કલ |
| ૧૨ | શ્રી માનવ સેવા સંઘ, સાયન મેઈન રોડ | સાયન વેસ્ટ |

| | | |
|---|---|---|
| ૧૩ | શ્રી કવીઓ મહાજન વાડી, એસ. જી. બર્વે માર્ગ, | કુર્લા વેસ્ટ |
| ૧૪ | શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથ જૈન દેરાસર વાડી | ઘાટકોપર ઈસ્ટ |
| ૧૫ | લાયન્સ કમ્યુનિટી હૉલ, ગારોડીયા નગર | ઘાટકોપર ઈસ્ટ |
| ૧૬ | કચ્છી કડવાદાર વાડી, એલ.બી.એસ. રોડ | ઘાટકોપર વેસ્ટ |
| ૧૭ | શ્રી કાલીદાસ બૅન્કવેટ/મૅરેજ હૉલ, પી. કે. રોડ | મુલુંડ વેસ્ટ |
| ૧૮ | શ્રી જીવરાજ ભાણજી હૉલ, અશોક નગર | મુલુંડ વેસ્ટ |
| ૧૯ | ગોલ્ડન બૅન્કવેટ, બસ ડેપોની બાજુમાં, ચેક નાકા | મુલુંડ વેસ્ટ |
| ૨૦ | સારસ્વત વાડી, ઝવેર રોડ | મુલુંડ વેસ્ટ |
| ૨૧ | સમૃધ્ધિ બૅન્કવેટ હૉલ, માલવિયા રોડ, ટે.એક્સની પાસે | મુલુંડ વેસ્ટ |
| ૨૨ | નીલમ નગર જૈન દેરાસર હૉલ | મુલુંડ ઈસ્ટ |
| ૨૩ | ટીપ ટોપ પ્લાઝા, મુલુંડ ચેક નાકા પાસે, LBS રોડ | થાણા વેસ્ટ |
| ૨૪ | શ્રી ઋષભ અજિત ભક્તામર જિનાલય જય મંગલ ભવન | થાણા વેસ્ટ |
| ૨૫ | શ્રી મુનિસુવ્રત જૈન દેરાસર, ટેંબી નાકા | થાણા વેસ્ટ |
| ૨૬ | ગીતા સ્મૃતિ પેઢી, વીરા આરાધના ભવન, ટેંબી નાકા | થાણા વેસ્ટ |
| ૨૭ | કાંતિલાલ વિસરિયા હૉલ, ગાંવદેવી મેદાન પાસે | થાણા વેસ્ટ |
| ૨૮ | શ્રી થાણા વ. સ્થા. જૈન શ્રાવક સંઘ, નૌકાવિહાર સામે | થાણા વેસ્ટ |
| ૨૯ | શ્રી સુમતિ ગુર્જર ભવન, સ્વસ્તિક પાર્ક | ચેમ્બુર |
| ૩૦ | શ્રી સુવિધિનાથ અચલગચ્છ જૈન દેરાસર, માનપાડા રોડ | ડોંબિવલી ઈસ્ટ |
| ૩૧ | રોટરી ક્લબ, રઘુવીર નગર | ડોંબિવલી ઈસ્ટ |
| ૩૨ | શુભ મંગલ હૉલ, ભાજી માર્કેટ | ડોંબિવલી ઈસ્ટ |
| ૩૩ | પી. પી. ચેમ્બર, KDMC ઓફિસની બાજુમાં | ડોંબિવલી ઈસ્ટ |
| ૩૪ | શ્રી સ્વામીનારાયણ મંદિર, રાજાજી રોડ | ડોંબિવલી ઈસ્ટ |
| ૩૫ | શ્રી કવીઓ જૈન સંઘ, ગુણશતાબ્દી | અંબરનાથ |
| ૩૬ | શ્રી ગુજરાતી સમાજ, ગુજરાત ભવન | વાશી, નવી મુંબઈ |
| ૩૭ | શ્રી સ્વામિનારાયણ કલા કેન્દ્ર, પ્લૉટ ૨૦૦ | વાશી, નવી મુંબઈ |
| ૩૮ | શ્રી સર્વોદય ગુરુદરબાર, સ્વામિનારાયણ મંદિરની બાજુમાં | વાશી, નવી મુંબઈ |
| ૩૯ | નવી મુંબઈ અચલગચ્છ જૈન સંઘ, સેક્ટર -૧૪ | વાશી, નવી મુંબઈ |
| ૪૦ | ખાર ઍજ્યુકેશન સોસાયટી, પ્યુપીલ્સ સ્કુલ, એસ. વી. રોડ | ખાર વેસ્ટ |
| ૪૧ | હિંદુ સ્ત્રી મંડળ હીરાવંતી હૉલ, ટાગોર રોડ | સાંતાક્રુઝ વેસ્ટ |
| ૪૨ | રોટરી ક્લબ જુહુ, જુહુ તારા રોડ, | સાંતાક્રુઝ વેસ્ટ |
| ૪૩ | હીરાવતી બૅન્કવેટ હૉલ, ટાગોર રોડ | સાંતાક્રુઝ વેસ્ટ |

| | | |
|---|---|---|
| ૪૪ | ઈન્ડિયન મેડિકલ ઍસોસિયેશન હૉલ, JVPD સ્કીમ | જુહુ સ્કીમ |
| ૪૫ | મંડપમ હૉલ, ઈસ્કોન જુહુ, પાર્લા વેસ્ટ | પાર્લા વેસ્ટ |
| ૪૬ | જોગેશ્વરી અચલગચ્છ જૈન સંઘ | જોગેશ્વરી ઈસ્ટ |
| ૪૭ | સ્વામિનારાયણ સંસ્કારધામ ઑડિટોરીયમ, દત્તમંદિર રોડ | મલાડ ઈસ્ટ |
| ૪૮ | સંસ્કૃતિ હૉલ, કેદારમલ રોડ | મલાડ ઈસ્ટ |
| ૪૯ | કપોળ વાડી, રામચંદ્ર લેન | મલાડ વેસ્ટ |
| ૫૦ | નગીનદાસ ખાંડવાલા કૉલેજ, એન. એલ. હાઈ સ્કૂલ | મલાડ વેસ્ટ |
| ૫૧ | અચલગચ્છ ઉપાશ્રય, મલાડ શોપિંગ સેંટર, ૨જે માળે | મલાડ વેસ્ટ |
| ૫૨ | રૂઈયા હૉલ, મલાડ ફાટક પાસે, સ્ટેશન રોડ | મલાડ વેસ્ટ |
| ૫૩ | લોટસ હૉલ, રઘુલીલા મેગા મૉલ | કાંદીવલી વેસ્ટ |
| ૫૪ | શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ, એસ. વી. રોડ | કાંદીવલી વેસ્ટ |
| ૫૫ | લોહાણા બાળશ્રમ, મંગુભાઈ દત્તાણી રોડ | કાંદીવલી વેસ્ટ |
| ૫૬ | પાવન ધામ, મહાવીર નગર | કાંદીવલી વેસ્ટ |
| ૫૭ | શ્રી વ. સ્થા. જૈન સંઘ, સર્વોદય હૉલ, ડાયમંડ ટોકીઝ સામે | બોરીવલી વેસ્ટ |
| ૫૮ | આંગન ક્લાસીક હૉલ, ફેક્ટરી લેન | બોરીવલી વેસ્ટ |
| ૫૯ | રાજસ્થાન હૉલ, નવરંગ હોટલની બાજુમાં | ભાઈંદર વેસ્ટ |
| ૬૦ | શ્રી કરસન લધુ નિસર જૈન ધર્મસ્થાનક, તુલીંજ રોડ | નાલાસોપારા ઈ. |
| ૬૧ | આયંબિલ ભવન, જૈન મંદિર રોડ, | વિરાર વેસ્ટ |
| ૬૨ | ગરવારે બૅન્કવેટ હૉલ | હાજીઅલી |
| | **બહારગામના હૉલ** | |
| ૦૧ | શ્રી કચ્છી ભવન, ઈડન બાગ | હૈદરાબાદ |
| ૦૨ | પાટીદાર ભવન | સાંગલી |
| ૦૩ | નવનીત વિવિધલક્ષી ભવન, ચંદ્રનગર, પાલડી | અમદાવાદ |
| ૦૪ | વિજય કચ્છી ભવન | બીજાપુર |
| ૦૫ | સિદ્ધિ બૅન્કવેટ હૉલ, મ્હાત્રે બ્રિજ, એરંડવણે | પુના |
| ૦૬ | નૂતન વાડી | ગાંધીધામ-કચ્છ |
| ૦૭ | શ્રી વાપી અ. જૈન સંઘ, ચંદ્ર લીલા હૉલ, મહાવીર નગર | વાપી |

ઉપરોક્ત પ્રાર્થના માટેના હૉલની યાદી સને ૨૦૨૪ની આપણી ખબરપત્રિકામાંથી લીધેલ છે. કદાચ આપના એરિયામાં આ સિવાયના પણ પ્રાર્થના માટેના હૉલ હોઈ શકે.

સંકલનઃ મણિલાલ લક્ષ્મીબેન પ્રેમજી દેઢિયા, મેરાઉ હાલે, દહિંસર, મુંબઈ–૬૮. મો. : ૯૮૬૯૧ ૧૩૮૭૫

# સાંત્વન

(તા. ૧ ફેબ્રુઆરી, ૨૦૨૫ થી તા. ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૫)

**ચક્ષુદાન : 👁 દેહ /ત્વચાદાન : ✪ અવયવદાન : ✷**

## પ્રાર્થના રાખેલ નથી

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| પોપટલાલ કુંવરજી ટોકરશી વીરા | ૮૨ | નાંગલપુર | દહિંસર |
| ગં.સ્વ. ઊર્મિલાબેન દામજી ભીમશી ગાલા | ૮૩ | ભુજપુર | ડોંબિવલી |
| પ્રવીણચંદ્ર હીરજી લખમશી ગાલા | ૮૫ | સમાઘોઘા | થાણા |
| મહેન્દ્ર દામજી શિવજી ગાલા | ૭૩ | બાડા | ભાયખલા |
| મધુબેન અરવિંદ લાલજી સોની | ૬૪ | પ્રાગપુર | કાંદિવલી |
| નીતિન (કપાયાનાં સ્વ. રતનબેન શિવજી લાલજી ગોગરીના જમાઈ) | ૬૪ | - | કાંદિવલી |
| અરવિંદ કુંવરજી વેરશી છેડા | ૭૩ | દેશલપુર | નાગપુર |
| મુલચંદ પ્રેમજી કાનજી ગાલા | ૪૭ | બિદડા | મીરા રોડ |
| અ.સૌ. મીનાબેન ભરત રામજી સૈયા | ૫૫ | કારાઘોઘા | ગોરેગામ |
| રામજી ઉમરશી ધારશી છેડા | ૭૮ | રતાડિયા ગણેશ | ડોંબિવલી |
| કાંતિલાલ ખીમજી મણશી ગોસર | ૮૪ | વિઢ | મુલુંડ |
| નીના દિનેશ શિવજી દેઢિયા | ૬૧ | મેરાઉ | વિરાર |
| રેખા કાંતિલાલ મગનલાલ ગોગરી | ૬૯ | કોડાય | પુના |
| વસંત કેશવજી મોણશી ગાલા | ૬૯ | મોટી ખાખર | બોરીવલી 👁 ✪ |
| પ્રભાબેન નાનજી કેશવજી ગાલા | ૭૧ | ભુજપુર | ભાઈંદર |
| મા. વાસંતીબેન શામજી નાનજી સાવલા | ૭૮ | બેરાજા | મુલુંડ 👁 ✪ |
| દામજી કાનજી કેશવજી સાવલા | ૮૧ | રામાણિયા | કાંદિવલી |
| પ્રભાવતીબેન શિવજી લધા સોની | ૭૭ | દેશલપુર (કંઠી) | વિદ્યાવિહાર |
| ગં.સ્વ. લક્ષ્મીબેન હીરજી શામજી ગાલા | ૮૯ | કોટડા (રોહા) | પુના ✪ |

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| કેશવલાલ ( નાંગલપુરનાં ખેતબાઈ કાનજી ગંગરના જમાઈ) | ૮૪ | — | મલાડ |
| જિતેન્દ્ર પ્રેમજી ખેતશી રાંભિયા | ૬૬ | ગુંદાલા | નાના ભાડિયા |
| હીરાલાલ વીરજી માલશી ગોસર | ૭૨ | સાભરાઈ | અલીબાગ 👁 |
| દેવચંદ જેઠુભાઈ મણશી ગાલા | ૭૩ | મોટી ઉનડોઠ | વાશી 👁 |
| માવજી ઉમરશી કેનિયા | ૮૩ | બારોઈ | મુદ્રા |
| સૂરજ ખેમરાજ રતનશી ગાલા | ૨૬ | દેવપુર | તાડદેવ |
| શાંતિલાલ રણશી નાગશી ગાંધી / ગડા | ૬૧ | રતાડિયા ગણેશ | કાંદિવલી |
| અમિત રમેશ કાનજી છેડા | ૩૯ | મોખા | મુંદ્રા |
| પરેશ નાનજી વેરશી વોરા | ૫૬ | પ્રાગપુર | બાન્દ્રા |
| આશા લક્ષ્મીચંદ માવજી લાલન | ૬૩ | કોડાય | પુના |
| ઝવેરબેન મણિલાલ હીરજી છેડા | ૭૯ | ભુજપુર | થાણા |
| પ્રેમજી દામજી કેશવજી ગાલા | ૮૧ | દેશલપુર કંઠી | મલાડ |
| મા. મણિબેન જેઠાલાલ રવજી શાહ/ધરોડ | ૮૨ | પત્રી | મલાડ |
| નિર્મળાબેન ભવાનજી ખીમજી ગોગરી | ૮૮ | કોડાય | થાણા |
| નવીન હંસરાજ વેલજી સાવલા | ૬૪ | દેવપુર | જોગેશ્વરી |
| કસ્તૂરબેન શિવજી કારૂ છેડા | ૬૫ | વાંકી | પનવેલ |
| પ્રમોદ પોપટલાલ પ્રેમજી શાહ/ગડા | ૭૨ | કોડાય | મલાડ |
| અ.સૌ. તૃપ્તિ રમણીક કરમશી ગોસર | ૬૧ | ગઢશીશા | થાણા |
| નિર્મલા ચુનીલાલ બાલુ છેડા | ૮૯ | મોખા | ડોંબિવલી |

| નામ | ઉંમર | ગામ | હાલે |
| --- | --- | --- | --- |
| મણિબેન રામજી લાલજી ગોગરી | ૯૬ | ભુજપુર | વસલાડ |
| મા. ભાનુમતીબેન લખમશી કુંવરજી સોની | ૮૫ | દેશલપુર (કંઠી) | દાદર |
| માવજી શામજી કરમશી શાહ / સતરા | ૮૭ | ગુંદાલા | દાદર |
| મા. ચંચળબેન ચંદ્રકાંત જાદવજી સંઘવી બૌઆ | ૯૦ | નાની તુંબડી | સાંતાક્રુઝ |
| વિક્રમ પ્રફુલ્લ જેઠાલાલ નિસર | ૩૨ | દેવપુર | મુલુંડ |
| રમણીક છગનલાલ ગડા | ૬૯ | દુર્ગાપુર | નાલાસોપારા |
| જયંત કલ્યાણજી કાનજી દેઢિયા | ૭૧ | બેરાજા | બોરીવલી |
| નીતિન દેવજી કોરશી દેઢિયા | ૫૫ | કોટડી (મહા) | ડોંબિવલી |
| શાંતિલાલ ખીમજી નથુ રાંભિયા | ૭૭ | રામાણિયા | પુના |
| શાંતિલાલ હીરજી કેશવજી ગોગરી | ૭૮ | નાંગલપુર | ઘાટકોપર |
| ધનજી વેલજી સાવલા | ૮૧ | મોટા આસંબિયા | કાંદિવલી |
| બા. બ્ર. મુલબાઈ વેલજી ખેતશી ગાલા | ૮૨ | મોટા આસંબિયા | કાલા ચૌકી |
| ખીમજી રતનશી રાયશી નાગડા | ૮૬ | વિઢ | ગોવંડી |
| ભક્તિબેન વેલજી ટોકરશી વિકમાણી | ૯૦ | કોટડા (રોહા) | માટુંગા |
| મા. મણિબેન મઠુ હીરજી શાહ (ગડા) | ૯૭ | કોડાય | વિલે પાર્લે |
| વિમળાબેન વશનજી ખીમજી ધનાણી | ૭૫ | બેરાજા | મુલુંડ |
| રાહુલ પુનિત હરિલાલ બૌઆ | ૨૫ | નાની તુંબડી | બોરીવલી |
| સાકરબેન દેવજી વજપાર દેઢિયા | ૮૦ | ભોરારા (૨૨ઉ) | ડોંબિવલી |
| રતનબેન રતિલાલ ગાંગજી સંગોઈ | ૮૨ | ટોડા | કાંદિવલી |
| પ્રભા વિશનજી શામજી વીરા | ૮૬ | નાના ભાડિયા | અંધેરી |
| મેહુલ રમેશ લાલજી ગાલા | ૩૭ | મોટા લાયજા | નાલાસોપારા |
| મહેન્દ્ર રતનશી વેરશી ગડા | ૬૮ | ભોજાય | મુલુંડ |
| પ્રવીણ નાગજી રણશી વોરા | ૭૨ | કુંદરોડી | દાદર |
| ભાવના મનીષ રમેશ પાસડ | ૫૩ | ભોજાય | મુલુંડ |
| મા. સાકરબેન લાલજી વીરજી દેઢિયા | ૭૮ | નાંગલપુર | વસઈ |
| નાનજી પ્રેમજી ગાલા | ૮૩ | ગેલડા | કાંદિવલી |
| કાનજી લધુ નરશી શેઠિયા | ૮૪ | વડાલા | કાંદિવલી |

| નામ | ઉંમર | ગામ | હાલે |
| --- | --- | --- | --- |
| રતનબેન દેવજી કરમશી હરિયા | ૮૫ | ડુમરા | ડોંબિવલી |
| દમયંતી લક્ષ્મીચંદ વેલજી સાવલા | ૮૭ | નાંગલપુર | રાયણ મોટી |
| પુરબાઈ પોપટલાલ મોતીલાલ ગાલા | ૯૦ | દેવપુર | ડોંબિવલી |
| કલ્યાણજી ઉમરશી મેઘરાજ શાહ (નાગડા) | ૯૩ | કોડાય | દાદર |
| ચિ. રીથવ સાગર દિનેશ પોલડિયા | ૧ | તલવાણા | ઘાટકોપર |
| અ.સૌ. દમયંતી જયંતીલાલ વીરજી ભેદા | ૭૭ | નવાવાસ | ઘાટકોપર |
| તલકચંદ શામજી છેડા | ૮૬ | નાના આસંબિયા | નાશિક |
| કેસર (મોટા લાયજાનાં જ્યોતિ જગદીશ ગાલાના જમાઈ) | ૫૩ | — | કલ્યાણ |
| અમિત જાદવજી ખીમજી ગાલા | ૪૯ | છસરા | ગોરેગામ |
| અ.સૌ. મંજુલાબેન દેવચંદ કેશવજી છેડા | ૭૬ | ભુજપુર | ડોંબિવલી |
| નાગજી હંસરાજ માણેક છેડા | ૯૩ | નવાવાસ | બદલાપુર |
| પુષ્પા પોપટલાલ દામજી નાગડા | ૬૮ | વિઢ | થાણા |
| ઉત્તમચંદ હંસરાજ કુરપાર શેઠિયા | ૭૮ | છસરા | ડોંબિવલી |
| શામજી કાનજી રાયશી કારાણી | ૯૭ | ખારૂઆ | ઘાટકોપર |
| રાજેશ લાલજી દેવજી ગાલા | ૫૪ | છસરા | કાંદિવલી |
| ભાવના મહેશ મેઘજી સાવલા | ૫૪ | નાની તુંબડી | ડોંબિવલી |
| બા.બ્ર. સુશીલાબેન ઉમરશી કુરપાર સૈયા | ૭૭ | ગેલડા | સેન્ડહર્સ્ટ રોડ |
| રતનબેન લાલજી રવજી ગંગર | ૯૩ | સમાઘોઘા | દહિંસર (૨ઉ) |
| | | | |

## પ્રાર્થના રાખેલ છે

| નામ | ઉંમર | ગામ | હાલે |
| --- | --- | --- | --- |
| અશ્વિન મોરારજી વીરજી સૈયા | ૫૬ | પત્રી | ડોંબિવલી |
| હંસાબેન પોપટલાલ પ્રેમજી છાડવા | ૬૮ | મોટા લાયજા | વિક્રોલી |
| મા. પુષ્પાબેન નાનજી શિવજી ગાલા | ૭૮ | કોટડી (મહા) | વાશી |
| અ.સૌ. ચંદ્રાબેન જયંતીલાલ આસુ ગાલા | ૬૧ | લાકડિયા | દાદર |
| અરવિંદ શામજી ખીમજી મામણિયા | ૬૪ | ભુજપુર | કાંદિવલી |
| ગિરીશ દામજી કેશવજી ગાલા | ૬૬ | મોટા આસંબિયા | દહિંસર |

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| **પ્રાર્થના રાખેલ છે** | | | |
| સૂર્યકાંત લાલજી રતનશી ગાલા | ૮૨ | કાંડાગરા | પરેલ |
| હાંસબાઈ વીરજી વેરશી દેઢિયા | ૯૧ | ભુજપુર | મલાડ |
| રતનબેન રામજી સામત નિસર | ૯૨ | ભચાઉ | દાદર |
| જયવંતી વેલજી દેવજી ગોગરી | ૭૩ | કપાયા | ડોંગરી |
| રીષી (પ્રાગપરનાં ચંદ્રિકાબેન મુલચંદ દેઢિયાના જમાઈ) | ૪૭ | —- | મલાડ |
| રાજેશ પ્રેમજી ભાણજી ગડા | ૫૪ | મોટા લાયજા | માટુંગા |
| મા. હેમલતાબેન રામજી ચાંપશી મામણિયા | ૭૯ | મેરાઉ | દાદર |
| જયંતીલાલ વીજપાર કેશવજી ગડા | ૭૯ | મોટા લાયજા | ગોવંડી |
| વીરજી કુંવરજી ટોકરશી ખીમસરિયા | ૯૬ | મોટી ઉનડોઠ | ડોંબિવલી |
| પદ્મિની હસમુખ પાસુ ફુરિયા | ૭૫ | બિદડા | મલાડ |
| ચેતન ટોકરશી નેણશી ગડા | ૪૯ | રાયધણજર | થાણા |
| વસનજી રવજી આસુ ચંદ્રુવા | ૯૦ | બગડા | ચંદ્રુવા |
| લક્ષ્મીબેન કુંવરજી તેજશી નિસર | ૯૨ | દેવપુર | ભાંડુપ |
| મૌલિક ભરત ખેતશી ગાલા | ૩૯ | ટોડા | માટુંગા |
| નેમજી કાનજી હંસરાજ છેડા | ૭૯ | નાની તુંબડી | ખારઘર |
| પુરબાઈ હીરજી ખેરાજ નાગડા | ૯૧ | સણોસરા | અંબરનાથ |
| વર્ષા શશિકાંત રામજી ધરોડ | ૬૮ | લુણી | ડોંબિવલી |
| પ્રેમજી કાનજી ઠાકરશી પાસડ | ૭૩ | મોથારા | લાલબાગ |
| લક્ષ્મીચંદ તલકશી ચના દેઢિયા | ૭૪ | હમલામંજલ | ડોંબિવલી |
| ડૉ. હેમચંદ નાનજી નાગજી વોરા | ૬૫ | વરંડી મોટી | દેવલાલી |
| દમયંતી દેવજી હીરજી ફુરિયા | ૯૦ | બિદડા | સાંતાક્રુઝ |
| હેમલતા પોપટલાલ લખમશી નાગડા | ૭૧ | કોટડી (મહા) | ડોંબિવલી |
| ચંદ્રકાંત કલ્યાણજી વીરજી શાહ /દેઢિયા | ૭૫ | કુંદરોડી | પેડર રોડ |
| લીલાવતી નાનજી શિવજી છેડા | ૮૮ | રાયણ | ઘાટકોપર |
| સાકરબેન તલકશી હીરજી વોરા | ૭૪ | ગોધરા | વિલે પાર્લે |

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| **પ્રાર્થના રાખેલ છે** | | | |
| દામજી હરશી ખીંયશી નાગડા | ૮૦ | સણોસરા | કાંજુર માર્ગ |
| મુરજી રતનશી ખીમજી ગડા | ૮૫ | નાના રતાડિયા | મુલુંડ |
| અ.સૌ. અનિલા હસમુખ કુંવરજી છેડા | ૬૪ | મેરાઉ | બોરીવલી |
| અ.સૌ. મંજુલા રમણીક નાનજી ગાલા | ૬૭ | ગોધરા | પરેલ |
| મા. દેવકાબેન નેમજી કરમશી છેડા | ૮૩ | કાંડાગરા | દાદર |
| અ.સૌ. પ્રેમીલા દિનેશ કુરપાર દેઢિયા | ૫૯ | ભુજપુર | બાંદ્રા |
| વિનોદ ભવાનજી તેજુ કેનિયા | ૭૪ | બારોઈ | મલાડ |
| જયંત કલ્યાણજી નાગશી વીરા | ૬૪ | ડોણ | પરેલ વિલેજ |
| દેવચંદ વશનજી નરશી સાવલા | ૭૩ | ડેપા | મલાડ |
| માવજી કાનજી ધારશી પાસડ | ૯૫ | કોટડી (મહા) | પાલઘર |
| વીરજી ખીમજી વેલજી મારુ | ૯૮ | હાલાપુર | ઘાટકોપર |
| અ.સૌ. જયશ્રી પરાગ કેશવજી વોરા | ૫૦ | નવીનાળ | માટુંગા |
| નવીનચંદ્ર માણેક ગોવા પસાડ | ૬૮ | શેરડી | મુલુંડ |
| પાનબાઈ વશનજી હીરજી લાલન | ૮૧ | કોડાય | અંધેરી |
| હેમલતાબેન માવજી મુરજી ગાલા | ૮૭ | નાના આસંબિયા | મુલુંડ |
| મા. કાંતાબેન નાગજી ગણપત સુરાણી | ૮૯ | બેરાજા | દાદર |
| નીતિન વલ્લભજી પુનશી સાવલા | ૫૪ | હાલાપુર | મલાડ |
| અનુપ (નાની ખાખરનાં શ્રીમતી હેમાબેન ડૉ. વિનોદ વસનજી છેડાના જમાઈ) | ૫૧ | — | પેડર રોડ |
| કસ્તૂરબેન નાનજી વસનજી દેઢિયા | ૯૦ | કુંદરોડી | વિક્રોલી |

બીજા શું કરે છે તે સામું ન જોવું.
પણ મારી શી ફરજ છે, તે વિચારનાર અને
જીવનમાં ઉતારનાર મહાન બને છે.

સંબંધોમાં વિશ્વાસ, સમજદારી અને
ઈમાનદારી હોય તો, નિભાવવા માટે
વચન, કસમ કે શરતોની જરૂર નથી.

**network** techlab

*Adding Values to Work*

# KEEP YOUR INFRASTRUCTURE COOL AND SAFE THIS SUMMER!

As temperatures rise, so does the risk of electrical accidents and system failures. Don't let the summer heat compromise the efficiency & safety of your infrastructure.

## Our comprehensive solutions to prevent heat-related incidents




Electrical Audit



Power Factor Correction



UPS Battery Backup



SRC (Surge Protection & Resilient Circuits)



PAC (Precision Air Conditioning)



HVAC (Heating, Ventilation and Air Conditioning)

**Don't wait for summer heat to take its toll on your infrastructure.**
**Stay Cool, Stay Safe, Stay Operational.**

Contact us today to schedule a consultation and fortify your systems against heat related accidents and failures.

info@netlabindia.com | +91 88790 04536

Head- Office: - 41, Sarvodaya Ind. Est., Off. Mahakali Caves Road, Andheri (E.), Mumbai, 400093
Main Branch: - Plot no. A-142, Rd Number 23, Wagle Industrial Estate, Thane (W.), Thane, 400604
Mumbai | Navi Mumbai | Ahmedabad | Vadodara | Vapi | Pune | Bangalore | Chennai | Goa | Delhi | Kolkata

WPP Licence No. :- MR/Tech/WPP-215/East/2023-25
PAGDANDI (Monthly) APRIL 2025 RNI-14593/1957, Published on 1st of every month & Posted at
Patrika Channel Sorting Office Mumbai - 400 001 on 2nd & 3rd of every Month. Post Regd. No. MCE/251/2023-25

# શ્રી ક.વિ.ઓ. સેવા સમાજ

## સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓ

